# 4

# આમનોંધ (Journal)


1. પ્રસ્તાવના
2. આમનોંધ એટલે શું ?
3. આમનોંધની લાક્ષણિકતાઓ
4. આમનોંધનું મહત્ત્વ
5. આમનોંધનો નમૂનો અને સમજૂતી
6. સંયુક્ત આમનોંધ
7. વિવિધ પ્રકારના વ્યવહારોની આમનોંધ
8. બૅન્ક દ્વારા થતા વ્યવહારો
9. લોન અને લોનનું વ્યાજ
10. વેપારી વટાવ, રોકડ વટાવ અને કસર
11. ઊપજ-ખર્ચના વ્યવહારો
12. ઘાલખાધ અને ઘાલખાધ પરતના વ્યવહારો
13. વસેક સહિતના વ્યવહારો – સ્વાધ્યાય


## 1. પ્રસ્તાવના (Introduction)

વેપાર, ધંધા અને ઉદ્યોગોમાં રોજબરોજ અનેક આર્થિક હિસાબી વ્યવહારો થતા હોય છે. કેટલાક વેપારીઓ આ આર્થિક હિસાબી વ્યવહારો સરળતાથી યાદ રાખવા માટે તરત જ કાચી નોંધમાં (Rough book) તેની નોંધ કરે છે, જેથી કોઈ પણ આર્થિક વ્યવહાર નોંધવાનું ભૂલી ન જવાય. આ કાચી નોંધ પરથી વેપારીઓ નામું લખે છે. જ્યારે કેટલાક વેપારીઓ કાચી નોંધ રાખવાને બદલે સીધા વાઉચર્સ પરથી નામું લખે છે.

બેવડી અસરના સિદ્ધાંતો મુજબ દરેક હિસાબી વ્યવહારમાં ઓછાંમાં ઓછાં બે ખાતાં સંકળાયેલા હોય છે. આવા ખાતાનો પ્રકાર નક્કી કરી કયું ખાતું લાભ કે અવેજ મેળવે છે અને કયું ખાતું લાભ કે અવેજ આપે છે, તે નક્કી કરવામાં આવે છે. તેના આધારે ખાતાંઓના નિયમોનો ઉપયોગ કરી કયું ખાતું ઉધાર થશે અને કયું ખાતું જમા થશે તે નક્કી કરવામાં આવે છે.

આમ, ઉધાર-જમાના નિયમોને આધારે હિસાબી વ્યવહારની નામાના પ્રથમ ચોપડે નોંધવાની પ્રક્રિયા એટલે આમનોંધ. આ રીતે હિસાબી વ્યવહારની પ્રથમ નોંધ જે ચોપડામાં થાય છે, તેને આમનોંધ કે આમનોંધનો ચોપડો કહેવાય છે.

## 2. આમનોંધ એટલે શું ? (What is Journal ?)

આમનોંધ એ દ્વિનોંધી નામા પદ્ધતિનો પાયાનો ચોપડો છે. તે એવો મૂળભૂત ચોપડો છે, કે જેના આધારે નામા પદ્ધતિના બાકીના ચોપડા લખાય છે.

ફ્રેન્ચ શબ્દ Jour (જર)નો અર્થ 'દિવસ' થાય છે. તેના પરથી 'Journal' શબ્દ બન્યો, જેનો અર્થ ધંધાના દૈનિક વ્યવહારોની નોંધ એવો થાય છે. અંગ્રેજી શબ્દ Journal (જર્નલ) મૂળ લૅટિન ભાષાનો છે. જેનો અર્થ નોંધ કે ડાયરી થાય છે.

આમનોંધનો ચોપડો મૂળભૂત કે પાયાનો ચોપડો (Book of original entries) ગણાય છે. આ નામાનો એવો ચોપડો કે, જેમાં ધંધાના બધા હિસાબી વ્યવહારો, તારીખના ક્રમમાં લખાય છે. ત્યાર બાદ કયા ખાતે કેટલી રકમ ઉધારવી કે જમા કરવી તે અહીં નક્કી કરવામાં આવે છે. વ્યવહાર અહીં ટૂંકી સમજૂતી સહિત સૌપ્રથમ નોંધવામાં આવે છે.

કાચી નોંધ કે જેને ટાંચણ અથવા ટિપ્પણ પણ કહે છે, તેના પરથી વાઉચર્સના આધારે હિસાબી વ્યવહારો આમનોંધના ચોપડામાં નોંધવામાં આવે છે. વાઉચર્સને તારીખના ક્રમમાં ફાઈલ કરવામાં આવે છે. આમનોંધ લખ્યા પછી તે પરથી ખાતાવહીમાં જુદાં જુદાં ખાતાં ખોલી તેમાં ખતવણી કરવામાં આવે છે. જેના આધારે દરેક ખાતાની બાકી કાઢી

કાચું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. કાચી નોંધમાં વ્યવહારોની પદ્ધતિસરની નોંધ થતી નથી, તેથી કાચી નોંધ હિસાબી ચોપડાના ભાગ તરીકે ગણાતી નથી. **આમનોંધ જ નામાનો મૂળભૂત અને પાયાનો કે પ્રથમ ચોપડો ગણાય છે.**

### 3. આમનોંધની લાક્ષણિકતાઓ (Characteristics of Journal)

ઉપરની ચર્ચા પરથી આમનોંધનાં લક્ષણો ટૂંકમાં નીચે મુજબ તારવી શકાય :

**(1) મૂળભૂત ચોપડો :** હિસાબી વ્યવહારોની સૌપ્રથમ નોંધ આમનોંધમાં લખાય છે, તેથી આમનોંધ એ મૂળભૂત અને પાયાનો ચોપડો છે.

**(2) બેવડી અસર :** ઉધાર-જમાના નિયમો મુજબ હિસાબી વ્યવહારની બેવડી અસર તેમાં નોંધાય છે.

**(3) રકમનાં બે ખાનાં :** બેવડી અસર અનુસાર ઉધાર થતા ખાતાની રકમ ઉધારના ખાનામાં અને જમા થતાં ખાતાની રકમ જમાના ખાનામાં લખવામાં આવે છે.

**(4) તારીખના ક્રમમાં :** આમનોંધમાં હિસાબી વ્યવહારો રોજેરોજ તારીખ પ્રમાણે ક્રમસર નોંધાય છે.

**(5) બાબત જે (બા.જે.) :** આમનોંધ લખ્યા બાદ આમનોંધની નીચે કૌંસમાં વ્યવહારની ટૂંકી વિગત આપવામાં આવે છે જેને 'બાબત જે' (બા.જે.) કહેવાય. આ બા.જે. વ્યવહાર વિશેની માહિતી આપે છે.

### 4. આમનોંધનું મહત્ત્વ (ફાયદા) (Significance of Journal)

આમનોંધનું મહત્ત્વ નીચે પ્રમાણે વર્ણવી શકાય :

**(1) તમામ હિસાબી વ્યવહારો :** આમનોંધમાં હિસાબી વ્યવહારો, તારીખ અને સમયના ક્રમમાં નોંધવામાં આવતા હોવાથી કોઈ પણ વ્યવહાર નોંધવાનો રહી જતો નથી.

**(2) વિગતવાર માહિતી :** આમનોંધના ચોપડામાં દરેક વ્યવહારની વિગતવાર વ્યવસ્થિત નોંધ રાખવામાં આવે છે, જેથી જરૂર પડે તેમાંથી ઉપયોગી વિગત મેળવી શકાય છે.

**(3) ભવિષ્ય માટે ઉપયોગી માહિતી :** આમનોંધના અંતે દરેક હિસાબી વ્યવહારની ટૂંકી વિગત આપવામાં આવતી હોવાથી ભવિષ્યમાં વ્યવહારને લગતી માહિતી પણ મળી શકે છે.

**(4) ખતવણીમાં સરળતા :** આમનોંધમાં રકમ માટે ઉધાર તથા જમાનાં એમ બે ખાનાં અલગ રાખવામાં આવે છે તેથી ખતવણી કરતી વખતે કયું ખાતું ઉધારવું કે જમા કરવું તે અંગે સરળતા રહે છે.

**(5) વ્યવસ્થિત નોંધ :** ખાતાવહીમાં વ્યવહારો નોંધતાં પહેલાં આમનોંધમાં નિયમ પ્રમાણે વ્યવહારોની નોંધ થતી હોવાથી, ખાતાવહીમાં વ્યવસ્થિત રીતે વ્યવહારો નોંધાય છે.

**(6) ભૂલરહિત હિસાબો :** આમનોંધમાં નામા પદ્ધતિના સિદ્ધાંતો અનુસાર વ્યવહારોની બેવડી અસર આપવામાં આવતી હોવાથી હિસાબી ભૂલોની સંભાવના ઘટાડી શકાય છે.

### 5. આમનોંધનો નમૂનો અને સમજૂતી (Specimen of Journal and its Explanation)

**શ્રી .............ની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2015 | | | | |
| જાન્યુ.1 | ............................ ખાતે ઉ | | ............... | |
| | તે ............................ ખાતે | ...... | | ............... |
| | [બા.જે. : ........................................... તેના] | | | |

**સમજૂતી :** હવે આપણે આમનોંધનાં ઉપર દર્શાવેલ નમૂનાનાં દરેક ખાનાંની સમજૂતી મેળવીએ.

**(1) તારીખ (Date) :** આમનોંધમાં પ્રથમ તારીખનું ખાનું છે. હિસાબી વ્યવહાર સમય એટલે તારીખના ક્રમ અનુસાર આમનોંધમાં લખાય છે. આ ખાનામાં સૌપ્રથમ વર્ષ, પછી મહિનો અને છેલ્લે તારીખ લખવામાં આવે છે.

**(2) વિગત (Particulars) :** આમનોંધમાં બીજું ખાનું વિગતનું છે. વિગત એ આમનોંધનું સૌથી મહત્ત્વનું ખાનું છે. તેમાં હિસાબી વ્યવહાર સાથે સંકળાયેલા ખાતામાંથી જે ખાતું ઉધાર-જમાના નિયમોને આધારે ઉધાર થતું હોય તેને વિગતનાં ખાનામાં સૌપ્રથમ નોંધવામાં આવે છે. દા.ત., રોકડ ખાતે ઉધાર, પણ ઉધારને બદલે 'ઉ' લખાય છે.

ત્યાર બાદ જમા અસર પામતું ખાતું લખાય છે. જમા અસર પામતાં ખાતાની નોંધ બીજી લીટીમાં સહેજ જગ્યા છોડી ખાતાનું નામ પહેલાં 'તે' શબ્દ લખાય છે. પછી ખાતાનું નામ લખાય છે. અહીં અંતે જમા શબ્દ લખવામાં આવતો નથી. દા.ત., તે વેચાણ ખાતે... તેમ લખાય છે.

ત્યાર બાદ નીચે ટૂંકી વિગત 'બાબત જે' તરીકે લખાય છે. જેને બા.જે..... તરીકે દર્શાવાય છે. વ્યવહાર પૂરો થવાની નિશાનીરૂપે વ્યવહાર નીચે લીટી દોરી પૂર્ણ કરવામાં આવે છે.

**(3) ખાતાવહી પાના નંબર (Ledger Folio) :** આમનોંધના ત્રીજા ખાનામાં ખાતાવહીનો પાના નંબર લખવામાં આવે છે. જેને ટૂંકમાં ખા.પા. તરીકે દર્શાવાય છે. આમનોંધ લખ્યા પછી ખતવણી કરતાં ખાતાવહીના જે પાના નંબર ઉપર તે ખાતાની ખતવણી કરવામાં આવે તે પાના નંબર અહીં લખાય છે. આમ, આ વ્યવસ્થાનાં કારણે જ્યારે જરૂર પડે ત્યારે એકબીજા ચોપડામાંથી ઝડપથી માહિતી મેળવી શકાય છે.

**(4) ઉધાર (Debit) :** આમનોંધના ચોથા ખાનામાં વ્યવહારમાં ઉધાર થતા ખાતાની રકમ લખવામાં આવે છે. વિગતના ખાનામાં જે ખાતું ઉધારવામાં આવ્યું હોય તેની રકમ ઉધારના ખાનામાં લખવામાં આવે છે.

**(5) જમા (Credit) :** આમનોંધના પાંચમા ખાનામાં વ્યવહારમાં જમા થતા ખાતાની રકમ લખવામાં આવે છે. વિગતના ખાનામાં જે ખાતું જમા કરવામાં આવ્યું હોય તેની રકમ જમાના ખાનામાં લખવામાં આવે છે. અંતે, બેવડી અસર મુજબ દરેક વ્યવહારમાં જેટલી રકમ ઉધાર થાય, તેટલી જ રકમ જમા થાય છે. તેથી બંને ખાનાંનો સરવાળો હંમેશાં સરખો થાય છે.

જેટલા વ્યવહારોની આમનોંધ જે પાનાં પર થઈ હોય તેનો સરવાળો કરી તે પાનાંને અંતે **'સરવાળો આગળ લઈ ગયા'** એવા શબ્દો લખાય છે. બીજા પાને બાકીના વ્યવહારોની આમનોંધ લખતાં પહેલાં શરૂઆતમાં ઉધાર અને જમાના ખાનામાં તે સરવાળો ફરી મૂકવામાં આવે છે અને વિગતનાં ખાનામાં **'સરવાળો આગળ લાવ્યા'** એવા શબ્દો લખાય છે. રકમના સરવાળાની ઉપર એક અને નીચે બે સમાંતર લીટી દોરવામાં આવે છે, જે આમનોંધ પૂર્ણ થયાનું સૂચવે છે. નિયત મુદતના અંતે બધા જ વ્યવહારો લખાઈ જાય ત્યાર પછી ઉધાર અને જમાના ખાનાંનો સરવાળો કરવામાં આવે છે. તેની સામે વિગતના ખાનામાં કુલ સરવાળો એવા શબ્દો લખાય છે.

આમનોંધની ઉદાહરણ દ્વારા સમજૂતી :

**ઉદાહરણ 1 :** નીચેના વ્યવહારો પ્રિયાની આમનોંધમાં લખો :

2014

| | | |
|---|---|---|
| માર્ચ | 1 | ₹ 5000નો માલ રોકડેથી ખરીદ્યો. |
| | 4 | ₹ 8000નો માલ 'નંદન' પાસેથી શાખ પર ખરીદ્યો. |
| | 7 | ₹ 4000નો માલ જીજ્ઞાને વેચ્યો. |
| | 12 | ₹ 200 કમિશન મળ્યું. |
| | 15 | ₹ 150 મજૂરી ખર્ચ ચૂકવ્યો. |

**પ્રિયાની આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2014 | | | | | |
| માર્ચ 1 | ખરીદ ખાતે | ઉ | | 5000 | |
| | તે રોકડ ખાતે | | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000નો માલ રોકડેથી ખરીદ્યો તેના.] | | | | |
| 4 | ખરીદ ખાતે | ઉ | | 8000 | |
| | તે નંદન ખાતે | | | | 8000 |
| | [બા.જે. : ₹ 8000નો માલ નંદન પાસેથી શાખ પર ખરીદ્યો તેના.] | | | | |
| 7 | જીજ્ઞા ખાતે | ઉ | | 4000 | |
| | તે વેચાણ ખાતે | | | | 4000 |
| | [બા.જે. : ₹ 4000નો માલ જીજ્ઞાને શાખ પર વેચ્યો તેના.] | | | | |
| 12 | રોકડ ખાતે | ઉ | | 200 | |
| | તે કમિશન ખાતે | | | | 200 |
| | [બા.જે. : ₹ 200 કમિશન મળ્યું તેના.] | | | | |
| 15 | મજૂરી ખર્ચ ખાતે | ઉ | | 150 | |
| | તે રોકડ ખાતે | | | | 150 |
| | [બા.જે. : ₹ 150 મજૂરી ખર્ચ ચૂકવ્યો તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **17,350** | **17,350** |

**વ્યવહારોની સમજૂતી :**

**તારીખ 1 :** આ રોકડ વ્યવહાર છે. આ વ્યવહારમાં ધંધામાં માલ આવે છે અને અવેજમાં રોકડ ચૂકવાય છે. અહીં ખરીદ ખાતું અને રોકડ ખાતું સંકળાયેલા છે. આ બંને ખાતાં માલ-મિલકતનાં ખાતાં છે. આ ખાતા નિયમ પ્રમાણે આવે તો ઉધાર અને જાય તે જમાના નિયમથી ખરીદ ખાતું ઉધાર થશે અને રોકડ ખાતું જમા થશે.

**તારીખ 4 :** આ શાખ કે ઉધાર વ્યવહાર છે. અહીં ધંધામાં માલ આવે છે અને નંદન લાભ આપનાર છે. તેથી ખરીદ ખાતું અને નંદનનું ખાતું સંકળાયેલ છે. ખરીદ ખાતું માલ-મિલકતનું ખાતું હોવાથી આવે તે ઉધાર થશે અને નંદનનું ખાતું વ્યક્તિનું ખાતું હોવાથી આપનાર ખાતે જમા થશે.

**તારીખ 7 :** આ ઉધાર વ્યવહાર છે. જીજ્ઞા માલ લેનાર છે. વ્યક્તિના ખાતાના નિયમ મુજબ જીજ્ઞા ખાતે ઉધાર થશે. માલ ધંધામાંથી જાય છે તેથી વેચાણ ખાતે જમા થશે.

**તારીખ 12 :** આ રોકડ વ્યવહાર છે. આ વ્યવહારમાં ધંધામાં રોકડ આવે છે. આવે તે ઉધારના નિયમથી રોકડ ખાતે ઉધાર થશે અને કમિશન ઊપજ છે. ઊપજ ખાતે જમા નિયમથી કમિશન ખાતે જમા થશે.

**તારીખ 15 :** આ ખર્ચનો વ્યવહાર છે. મજૂરી ધંધાનું ખર્ચ છે. ખર્ચ ખાતે ઉધાર નિયમથી મજૂરી ખર્ચ ખાતે ઉધાર થશે અને ધંધામાંથી રોકડ જાય છે. જાય તે જમા નિયમથી રોકડ ખાતે જમા થશે.

### 6. સંયુક્ત આમનોંધ (Joint Journal Entry)

સામાન્યતઃ દરેક હિસાબી વ્યવહાર માટે અલગ આમનોંધ લખવામાં આવે છે; પરંતુ ક્યારેક એક જ દિવસે અને સમયે થયેલા અનેક વ્યવહારોમાં કોઈ એક જ ખાતું, એકથી વધુ વખત ઉધાર કે જમા થતું હોય છે. આ માટે દરેક વ્યવહારની અલગ આમનોંધ લખવાના બદલે એક જ આમનોંધ લખવામાં આવે તો તેને સંયુક્ત આમનોંધ કહે છે.

તદુપરાંત મિશ્રહિસાબી વ્યવહારોમાં પણ ઉધાર તથા જમા બંને બાજુ એક કરતાં વધુ ખાતાં અસર પામતાં હોય ત્યારે સંયુક્ત આમનોંધ લખી શકાય છે.

**ટૂંકમાં, કોઈ પણ હિસાબી વ્યવહારમાં એક જ સમયે જ્યારે બે કરતાં વધુ ખાતાં સંકળાયેલાં હોય તો સંયુક્ત આમનોંધ લખવામાં આવે છે.**

દા.ત., 15 જાન્યુઆરી, 2015ના રોજ મજૂરીના ₹ 300, પગારના ₹ 2000 અને ટેલિફોન બિલના ₹ 500 રોકડા ચૂકવ્યા.

આ ઉદાહરણ દ્વારા સંયુક્ત આમનોંધની સમજૂતી મેળવીએ.

સૌપ્રથમ અલગ આમનોંધ નીચે પ્રમાણે થશે :

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2015 | | | | | |
| જાન્યુ. 15 | મજૂરી ખર્ચ ખાતે | ઉ | | 300 | |
| | તે રોકડ ખાતે | | | | 300 |
| | [બા.જે. : ₹ 300 મજૂરીના રોકડા ચૂકવ્યા તેનાં.] | | | | |
| | પગાર ખાતે | ઉ | | 2000 | |
| | તે રોકડ ખાતે | | | | 2000 |
| | [બા.જે. : ₹ 2000 પગારના રોકડા ચૂકવ્યા તેનાં.] | | | | |
| | ટેલિફોન ખર્ચ ખાતે | ઉ | | 500 | |
| | તે રોકડ ખાતે | | | | 500 |
| | [બા.જે. : ₹ 500 ટેલિફોન બિલ ચૂકવ્યું તેનાં.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **2800** | **2800** |

આ વ્યવહારની સંયુક્ત આમનોંધ નીચે પ્રમાણે થશે :

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2015 | | | | | |
| જાન્યુ. 15 | મજૂરી ખર્ચ ખાતે | ઉ | | 300 | |
| | પગાર ખાતે | ઉ | | 2000 | |
| | ટેલિફોન ખર્ચ ખાતે | ઉ | | 500 | |
| | તે રોકડ ખાતે | | | | 2800 |
| | [બા.જે. : મજૂરી ₹ 300, પગાર ₹ 2000 અને ટેલિફોન ખર્ચના ₹ 500 રોકડા ચૂકવ્યા તેનાં.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **2800** | **2800** |

મિશ્ર હિસાબી વ્યવહારોની સંયુક્ત આમનોંધનું ઉદાહરણ નીચે પ્રમાણે છે :

**ઉદાહરણ 2 :** રાધિકા હેલ્પલાઈન નામથી ધંધો શરૂ કરવા ₹ 20,000 રોકડા, ₹ 10,000નાં યંત્રો તથા ₹ 15,000નો માલ સ્ટૉક ધંધામાં લાવ્યા.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | રોકડ ખાતે ઉ | | 20,000 | |
| | યંત્રો ખાતે ઉ | | 10,000 | |
| | માલ સ્ટૉક ખાતે ઉ | | 15,000 | |
| | તે મૂડી ખાતે | | | 45,000 |
| | [બા.જે. : ₹ 20,000 રોકડ, ₹ 10,000 નાં યંત્રો અને ₹ 15,000નો માલ સ્ટૉક લાવી ધંધો શરૂ કર્યો તેનાં.] | | | |
| | **કુલ સરવાળો** | | **45,000** | **45,000** |

## 7. વિવિધ પ્રકારના વ્યવહારો માટેની આમનોંધ (Journal of Different Types of Transactions)

ધંધામાં અનેક પ્રકારના હિસાબી વ્યવહારો થતા હોય છે. તે જુદા જુદા પ્રકારના વ્યવહારોને ધ્યાનમાં રાખી તેની આમનોંધ કેવી રીતે લખાય તેનો નીચેનાં ઉદાહરણો દ્વારા અભ્યાસ કરીએ :

### (1) નવો ધંધો શરૂ કરતી વખતે મૂડી અને ઉપાડ અંગેના વ્યવહારો :

હિસાબી દૃષ્ટિએ ધંધાકીય એકમ કે પેઢી ધંધાના માલિકથી અલગ અસ્તિત્વ ધરાવતું સ્વતંત્ર હિસાબી એકમ ગણાય છે. આપણે હિસાબનીશ તરીકે ધંધાનું નામું લખવાનું છે, નહિ કે ધંધાના માલિકનું. આ નિયમ હંમેશાં યાદ રાખો.

ધંધાની શરૂઆત વખતે તેમજ ચાલુ ધંધામાં ધંધાનો માલિક જુદા જુદા સ્વરૂપે મૂડીનું રોકાણ કરે છે. આવું રોકાણ તે રોકડ સ્વરૂપે, મિલકતો સ્વરૂપે કે લેણાં (દેવાદાર) સ્વરૂપે માલિક દ્વારા કરવામાં આવે છે. આપનાર ખાતે જમાના નિયમથી ધંધાના માલિકનું (મૂડી) ખાતું જમા થાય છે. અહીં, માલિકનું મૂડી ખાતું એ ધંધાકીય એકમની તેના માલિક પ્રત્યેનું દેવું કે જવાબદારી દર્શાવે છે.

જ્યારે ધંધાનો માલિક તેના અંગત વપરાશ કે ઉપયોગ માટે ધંધાની માલિકીનો માલ, મિલકત, રોકડ કે અન્ય સેવાઓનો વપરાશ કરે છે ત્યારે માલિકની મૂડીમાં ઘટાડો થાય છે, જેને ઉપાડ કહેવાય છે. અહીં ધંધાનો માલિક લાભ કે અવેજ લેનાર હોઈ લેનાર ખાતે ઉધાર તે નિયમથી ધંધાના માલિકનું ખાતું (ઉપાડ) ઉધાર થાય છે. જો ધંધાનો માલિક ધંધામાંથી પોતાના અંગત ખર્ચા ચૂકવે તો તેને પણ ઉપાડ ગણવામાં આવે છે. દા.ત., ધંધાના માલિકની પત્ની, પુત્ર કે પુત્રીનું મેડિકલ બિલ, જીવન વીમા-પ્રીમિયમ, આવકવેરો વગેરેની ધંધામાંથી ચુકવણી ઉપાડ ગણાય છે. તેથી ઉપાડ ખાતું, ધંધાનું માલિક પાસે લ્હેણું છે.

**ઉદાહરણ 3 :** અજયે અવધ એન્ટરપ્રાઇઝ નામે ધંધો શરૂ કર્યો. તેના જુલાઈ 2014ના વ્યવહારો પરથી આમનોંધ લખો.

2014

| | | |
|---|---|---|
| જુલાઈ | 1 | ₹ 50,000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો. |
| | 4 | ₹ 10,000નો માલ સ્ટૉક, ₹ 2000નું ફર્નિચર તથા ₹ 30,000ના દેવાદારો ધંધામાં લાવ્યા. |
| | 10 | ₹ 20,000ની બાઇક, ₹ 15,000માં વેચી તેમાંથી ₹ 10,000 ધંધામાં લાવ્યા. |
| | 14 | ₹ 6000નું અંગત લેણું અને ₹ 4000નું દેવું ધંધામાં લાવ્યા. |
| | 16 | ₹ 500 આવકવેરાના ચૂકવ્યા. |
| | 20 | ₹ 1000 અંગત વપરાશ માટે ધંધામાંથી લઈ ગયા. |
| | 22 | ₹ 200 જિંદગીનાં વીમા-પ્રીમિયમનાં ધંધામાંથી ચૂકવ્યા. |
| | 25 | ₹ 400નો માલ અંગત વપરાશ માટે ધંધામાંથી લઈ ગયા. |
| | 31 | પુત્રની કૉલેજની ટ્યૂશન ફી ₹ 500 ધંધામાંથી ચૂકવ્યા. |

## અવધ એન્ટરપ્રાઈઝના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014<br>જુલાઈ 1 | રોકડ ખાતે ઉ<br>તે મૂડી ખાતે<br>[બા.જે. : ₹ 50,000 રોકડ લાવી ધંધો શરૂ કર્યો તેના.] | | 50,000 | <br>50,000 |
| 4 | માલ સ્ટૉક ખાતે ઉ<br>ફર્નિચર ખાતે ઉ<br>દેવાદારો ખાતે ઉ<br>તે મૂડી ખાતે<br>[બા.જે. : ₹ 10,000 નો માલસ્ટૉક, ₹ 2000 ફર્નિચર તથા ₹ 30,000ના દેવાદારો ધંધામાં લાવ્યા તેના.] | | 10,000<br>2000<br>30,000 | <br><br><br>42,000 |
| 10 | રોકડ ખાતે ઉ<br>તે મૂડી ખાતે<br>[બા.જે. : અંગત બાઈક વેચી ₹ 10,000 ધંધામાં લાવ્યા તેના.] | | 10,000 | <br>10,000 |
| 14 | દેવાદારો ખાતે ઉ<br>તે લેણદારો ખાતે<br>તે મૂડી ખાતે<br>[બા.જે. : અંગત લેણું ₹ 6000, ₹ 4000 દેવું ધંધામાં લાવ્યા તેના.] | | 6000 | <br>4000<br>2000 |
| 16 | ઉપાડ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 500 આવકવેરાના ધંધામાંથી ચૂકવ્યા તેના.] | | 500 | <br>500 |
| 20 | ઉપાડ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 1000 ધંધામાંથી રોકડા ઉપાડ્યા તેના.] | | 1000 | <br>1000 |
| 22 | ઉપાડ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 200 અંગત વીમા-પ્રીમિયમ ધંધામાંથી ચૂકવ્યું તેના.] | | 200 | <br>200 |
| 25 | ઉપાડ ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 400નો માલ અંગત વપરાશ માટે લઈ ગયા તેના.] | | 400 | <br>400 |
| 31 | ઉપાડ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 500 પુત્રની કૉલેજ ફીના ધંધામાંથી ચૂકવ્યા તેના.] | | 500 | <br>500 |
| | **કુલ સરવાળો** | | **1,10,600** | **1,10,600** |

**(2) માલ-મિલકત અંગેના લગતા વ્યવહારોની સમજૂતી :** આ વર્ગીકરણમાં બે પ્રકારના વ્યવહારોનો સમાવેશ કરવામાં આવે છે : (i) માલ અંગેના વ્યવહારો (ii) મિલકત અંગેના વ્યવહારો. આ બંને પ્રકારના વ્યવહારો માટેનો નિયમ સમાન છે. માલ-મિલકત આવે તો ઉધાર, માલ-મિલકત જાય તો જમા.

**(i) માલ અંગેના વ્યવહારો :** ધંધાકીય પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ માલની ખરીદી અને વેચાણ દ્વારા નફો કમાવાનો છે. વેપારી જે ચીજવસ્તુઓનો વેપાર કરતો હોય તે વસ્તુ ધંધાનો માલ કહેવાય છે. દા.ત., કાપડના વેપારી માટે કાપડ માલ ગણાય.

જ્યારે વેપારી માલ ખરીદે ત્યારે માલ ધંધામાં આવે છે, તેથી આવે તે ઉધારના નિયમથી માલ ખાતું ઉધાર થાય છે. ધંધામાં રોજબરોજ માલની ખરીદી થતી હોવાથી માલ ખાતાને બદલે ખરીદ ખાતું ઉધાર કરવામાં આવે છે. ક્યારેક ખરીદેલો માલ નુકસાનીવાળો હોય, નમૂના મુજબનો ન હોય, હલકી ગુણવત્તાવાળો હોય, તો આવો માલ જે વેપારી પાસેથી ખરીદ્યો હોય તેને જ માલ પરત કરવામાં આવે છે તો તેને ખરીદમાલ પરત કહેવાય છે. આવા સંજોગોમાં માલ ધંધામાંથી જાય છે તેથી જાય તે જમાના નિયમથી માલખાતું જમા કરવામાં આવે છે. હિસાબી ચોપડામાં ધંધામાં ખરીદમાલ-પરત ખાતું જમા થાય છે.

જ્યારે વેપારી માલનું વેચાણ કરે ત્યારે માલ ધંધામાંથી જાય છે. તેથી જાય તે જમાના નિયમથી માલખાતું જમા થાય છે. નિયમિત માલનું વેચાણ થતું હોઈ માલખાતાને બદલે ધંધામાં વેચાણ ખાતું જમા કરવામાં આવે છે. વેપારીએ વેચેલ માલ નુકસાનીવાળો, નમૂના પ્રમાણે ન હોય, હલકી ગુણવત્તાવાળો હોય તો ગ્રાહક વેપારીને માલ પરત કરે છે તેને વેચાણમાલ પરત કહેવાય. માલ-પરત આવે ત્યારે આવે તે ઉધારના નિયમથી માલ ખાતું ઉધાર થાય છે. તેને અલગ દર્શાવતા વેચાણમાલ-પરત ખાતે ઉધાર કરવામાં આવે છે.

આવા દરેક સંજોગોમાં તે માલ ખાતાને વિશિષ્ટ નામ અપાય છે, જેમકે ખરીદ ખાતું, વેચાણ ખાતું, ખરીદમાલ-પરત ખાતું, અને વેચાણમાલ-પરત ખાતું વગેરે.

**(ii) મિલકત અંગેના વ્યવહારો :** ધંધો શરૂ કરવા અથવા ધંધાના વિસ્તરણ માટે ભંડોળોની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ભંડોળોનું મિલકતોમાં રોકાણ કરવામાં આવે છે, એટલે કે મિલકતો ખરીદવામાં આવે છે. મિલકતોના જુદા જુદા પ્રકારો વિશે પ્રકરણ 1માં અભ્યાસ કરવામાં આવેલ છે. હિસાબી પદ્ધતિનાં નિયમ પ્રમાણે ધંધામાં મિલકત આવે તો ઉધારો અને મિલકત જાય તો જમા કરો. આ મિલકતોમાં જમીન, મકાન, પ્લાન્ટ, યંત્રો, ફર્નિચર, રોકાણો, પેટન્ટ, કૉપીરાઈટ્સ, પાઘડી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

મિલકતની ખરીદી વખતે ચૂકવવા પડતાં ખર્ચા જેવા કે દસ્તાવેજ ખર્ચ, વકીલાત ફી, સ્ટૅમ્પ ડ્યૂટી, દલાલી વગેરે ખર્ચાઓને મૂડી ખર્ચ ગણી જે-તે મિલકતની કિંમતમાં ઉમેરવામાં આવે છે. આમ જ્યારે ધંધામાં મિલકત ખરીદવામાં આવે ત્યારે આવે તે ઉધારના ''નિયમથી જે-તે મિલકત ખાતું ઉધારાય અને ધંધામાંથી મિલકત વેચવામાં આવે ત્યારે જાય તે જમા નિયમથી જે-તે મિલકત ખાતું જમા કરવામાં આવે છે.

**ઉદાહરણ 4 :** ગોકુલ ટ્રેડર્સના નીચેના વ્યવહારોની આમનોંધ લખો.

2014

| | | |
|---|---|---|
| એપ્રિલ | 1 | ₹ 10,000 રોકડા, ₹ 10,000નો માલ સ્ટૉક અને ₹ 5000નું ફર્નિચર લાવી ધંધો શરૂ કર્યો. |
| | 3 | મથુરા ટ્રેડર્સમાંથી ₹ 5000નો માલ ખરીદ્યો. |
| | 4 | રોકડેથી માલ વેચ્યો ₹ 4000 |
| | 6 | ઋષિકેશ પાસેથી ₹ 8000નો માલ ખરીદી અડધાં નાણાં રોકડેથી ચૂકવ્યા |
| | 7 | મથુરા ટ્રેડર્સને ₹ 1600નો માલ પરત કર્યો. |
| | 9 | વડાપ્રધાનનાં રાહતફંડમાં ₹ 600નો માલ આપ્યો. |
| | 10 | દુકાન માટે ઈલેક્ટ્રોનિક તોલ મશીન ખરીદ્યું ₹ 450. |
| | 15 | શ્રી બરસાના પ્રા. લિ.નાં શૅર નંગ 100 દર ₹ 30ના ભાવે ખરીદ્યા. દલાલી 2 % લેખે ચૂકવી. બંને રકમો ચેકથી ચૂકવી. |
| | 18 | કેદારનાથને ₹ 4000નો માલ વેચ્યો. |
| | 20 | ₹ 1500નો માલ આગથી નાશ પામ્યો. |
| | 22 | કેદારનાથ પાસેથી અડધો માલ પરત આવ્યો. |
| | 25 | અંગત વપરાશ માટે ₹ 500નો માલ લઈ ગયા. |
| | 28 | બંસીધર ફર્નિચર માર્ટમાંથી ₹ 3000નું ફર્નિચર ખરીદ્યું. |
| | 30 | ચાંદનીને ₹ 1000નો માલ 20 % નફો ચઢાવીને વેચ્યો, તેમનાં વતી લારીભાડાના ₹ 50 ચૂકવ્યા. |

## ગોકુલ ટ્રેડર્સની આમનોંધ

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2014 | | | | | |
| એપ્રિલ 1 | રોકડ ખાતે | ઉ | | 10,000 | |
| | માલસ્ટૉક ખાતે | ઉ | | 10,000 | |
| | ફર્નિચર ખાતે | ઉ | | 5000 | |
| | તે મૂડી ખાતે | | | | 25,000 |
| | [બા.જે. : ₹ 10,000 રોકડ, ₹ 10,000 માલસ્ટૉક તથા ₹ 5000 ફર્નિચર લાવી ધંધો શરૂ કર્યો તેના.] | | | | |
| 3 | ખરીદ ખાતે | ઉ | | 5000 | |
| | તે મથુરા ટ્રેડર્સ ખાતે | | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000નો માલ શાખ પર ખરીદ્યો તેના.] | | | | |
| 4 | રોકડ ખાતે | ઉ | | 4000 | |
| | તે વેચાણ ખાતે | | | | 4000 |
| | [બા.જે. : ₹ 4000 રોકડેથી માલ વેચ્યો તેના.] | | | | |
| 6 | ખરીદ ખાતે | ઉ | | 8000 | |
| | તે રોકડ ખાતે | | | | 4000 |
| | તે ઋષિકેશ ખાતે | | | | 4000 |
| | [બા.જે. : ₹ 8000ના માલ ખરીદી અડધા નાણાં રોકડા ચૂકવ્યા તેના.] | | | | |
| 7 | મથુરા ટ્રેડર્સ ખાતે | ઉ | | 1600 | |
| | તે ખરીદમાલ-પરત ખાતે | | | | 1600 |
| | [બા.જે. : ₹ 1600 ખરીદેલ માલ મથુરા ટ્રેડર્સને પરત કર્યો તેના.] | | | | |
| 9 | ધર્માદા ખર્ચ ખાતે | ઉ | | 600 | |
| | તે ખરીદ ખાતે | | | | 600 |
| | [બા.જે. વડાપ્રધાન રાહત ફંડમાં ₹ 600નો માલ આપ્યો તેના.] | | | | |
| 10 | ડેડસ્ટૉક ખાતે | ઉ | | 450 | |
| | તે રોકડ ખાતે | | | | 450 |
| | [બા.જે. : ઈલેક્ટ્રોનિક તોલ મશીન ₹ 450 માં ખરીદ્યું.] | | | | |
| 15 | બરસાના પ્રા.લિ.ના શૅર રોકાણ ખાતે | ઉ | | 3060 | |
| | તે બૅન્ક ખાતે | | | | 3060 |
| | [બા.જે. : 2 % દલાલી સહિત 100 શૅર ₹ 30 લેખે ચેકથી ખરીદ્યા તેના.] | | | | |
| 18 | કેદારનાથ ખાતે | ઉ | | 4000 | |
| | તે વેચાણ ખાતે | | | | 4000 |
| | [બા.જે. : ₹ 4000નો માલ કેદારનાથને શાખ પર વેચ્યો તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 20 | આગથી થયેલ નુકસાન ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 1500નો માલ આગથી નાશ પામ્યો તેના.] | | 1500 | <br>1500 |
| 22 | વેચાણમાલ પરત ખાતે ઉ<br>તે કેદારનાથ ખાતે<br>[બા.જે. : ₹ 2000નો વેચેલમાલ કેદારનાથ પાસેથી પરત આવ્યો તેના.] | | 2000 | <br>2000 |
| 25 | ઉપાડ ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 500નો માલ અંગત વપરાશ માટે લઈ ગયા તેના.] | | 500 | <br>500 |
| 28 | ફર્નિચર ખાતે ઉ<br>તે બંસીધર ફર્નિચર માર્ટ ખાતે<br>[બા.જે. : ₹ 3000નું બંસીધર ફર્નિચર માર્ટમાંથી શાખ પર ખરીદ્યું તેના.] | | 3000 | <br>3000 |
| 30 | ચાંદની ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ચાંદનીને ₹ 1000નો માલ 20 % નફો ચઢાવી વેચ્યો તથા તેમના વતી લારીભાડાનાં ચૂકવ્યા તેના.] | | 1250 | <br>1200<br>50 |
| | **કુલ સરવાળો** | | **59,960** | **59,960** |

**(3) અન્ય રીતે માલની જાવક :**

ધંધામાં વેચાણ કે ખરીદમાલ-પરત ઉપરાંત બીજાં પણ કેટલાંક કારણોસર અન્ય રીતે ધંધામાંથી માલની જાવક થાય છે. આવાં પ્રકારનાં કિસ્સાઓમાં માલની જાવક પડતરકિંમતે ચોપડામાં નોંધવામાં આવે છે. આ પ્રકારની માલની જાવકને ધંધાની ખરીદીના ઘટાડા તરીકે દર્શાવવામાં આવે છે. તેથી ખરીદ ખાતે આ રકમ જમા કરવામાં આવે છે. ICAIનાં CPTનાં સ્ટડી મટીરીયલ્સનાં (માર્ચ 2015નાં) પાના નંબર 2.23નાં આધારે આ સમજૂતી આપેલ છે. જેની હિસાબી નોંધ તે મુજબ કરવી પડે તે અંગે ટૂંકમાં ખ્યાલ મેળવીએ :

**(અ) અંગત વપરાશ માટે લીધેલ માલ :** જ્યારે ધંધાનો માલિક પોતાના અંગત વપરાશ માટે ધંધામાંથી માલ લઈ જાય ત્યારે માલની પડતર કિંમત જેટલી રકમનું નામું લખવું જરૂરી બને છે. અહીં ધંધાનો માલિક અવેજ કે લાભ લેનાર છે. તેથી લેનાર ખાતે ઉધારના નિયમથી ધંધાના માલિકનું ખાતું (ઉપાડ) ઉધાર થશે, જ્યારે ધંધામાંથી માલ જાય ત્યારે તેટલી પડતર કિંમત જેટલી રકમથી ખરીદ ખાતું જમા કરવામાં આવે છે.

**(બ) જાહેરાતમાં નમૂના તરીકે વહેંચેલ માલ :** કેટલાક વેપારીઓ જાહેરાતના હેતુથી ગ્રાહકોને સેમ્પલ તરીકે માલ મફત વહેંચે છે. ત્યારે માલની પડતરકિંમતે નામું લખવું જરૂરી બને છે. જાહેરાત એ ધંધાનો ખર્ચ ગણાય છે. તેથી ખર્ચ ખાતે ઉધારના નિયમથી જાહેરાત ખર્ચ ખાતું ઉધાર કરવામાં આવે છે. ધંધામાંથી માલ જાય છે. તેથી તેટલી પડતર કિંમત જેટલી રકમથી ખરીદ ખાતું જમા કરવામાં આવે છે.

**(ક) ધર્માદામાં આપેલ માલ :** વેપારીઓ ધાર્મિક સંસ્થા કે ચેરિટેબલ ટ્રસ્ટ જેવી સંસ્થાઓને ધંધામાંથી ધર્માદા માટે માલ આપતા હોય છે. તેથી ખર્ચ ખાતે ઉધારના નિયમથી ધર્માદા ખર્ચ ખાતું ઉધાર થશે અને તેટલી પડતર કિંમત જેટલી રકમથી ખરીદ ખાતું જમા કરવામાં આવે છે.

**(ડ) આગથી બળી ગયેલ માલ :** આકસ્મિક સંજોગોમાં વેપારીની દુકાન કે ગોડાઉનમાં આગ લાગે અને માલ બળી જાય તો તે ધંધાનું નુકસાન ગણાય છે. તેથી નુકસાન/ખર્ચ ખાતે ઉધારના નિયમથી આગથી થયેલ નુકસાન ખાતું ઉધારવામાં આવે છે. આગના પરિણામે ધંધામાંથી માલ જાય છે. તેથી તેટલી પડતર કિંમત જેટલી રકમથી ખરીદ ખાતું જમા કરવામાં આવે છે.

જો ધંધાના માલનો વીમો ઉતરાવેલ ન હોય તો આગથી થયેલ સંપૂર્ણ નુકસાન ધંધાનો માલિક ભોગવે છે. જો બળી ગયેલ માલનો સંપૂર્ણ વીમો ઉતરાવેલ હોય તો નુકસાનની જવાબદારી વીમા કંપનીની રહે છે. નુકસાનની મંજૂર કરેલ દાવાની (પતાવટ) રકમથી વીમા કંપની આપણી દેવાદાર (લેણું) બનશે. તેથી વીમા કંપની ખાતે ઉધારાય અને ખરીદ ખાતું જમા થાય છે.

જો માલનો અંશતઃ વીમો ઉતરાવેલ હોય, તો વીમા કંપની વીમા પૉલિસીના પ્રમાણમાં અંશતઃ જવાબદારી સ્વીકારે છે. બાકીના નુકસાનની રકમ ધંધાનું નુકસાન ગણી આગથી થયેલ નુકસાન ખાતું ઉધારાય છે અને ખરીદ ખાતું પડતર કિંમતથી જમા કરવામાં આવે છે. આ જ રીતે અકસ્માતથી નાશ પામેલ માલ, વરસાદથી પલળી ગયેલ માલ, સ્ટીમર ડૂબી જવાથી ગયેલ માલ વગેરે નાશ પામેલ માલ ગણાય છે. જે પડતર કિંમતે ખરીદ ખાતે જમા કરવામાં આવે છે.

**(ઈ) નમૂના તરીકે મફત મળેલ માલ :** ઉત્પાદક કે જથ્થાબંધ વેપારી પોતાના માલની જાહેરાત માટે છૂટક વેપારીઓને ક્યારેક નમૂના તરીકે મફત માલ આપે છે. જે માલ વેપારીએ ગ્રાહકોને મફત વહેંચી દેવાનો હોય છે. અહીં માલના બદલામાં કોઈ નાણાકીય લેવડ-દેવડ થતી ન હોઈ તેથી બિનઆર્થિક વ્યવહાર ગણાય. તેની હિસાબી ચોપડે નોંધ થતી નથી; પરંતુ આ જ નમૂના તરીકે મફત મળેલ માલ વેચીને નાણાં મેળવવામાં આવે ત્યારે જે રોકડ રકમ મળે છે, તે રકમથી રોકડ ખાતું ઉધાર થાય છે અને ધંધામાંથી માલ જાય છે તેથી વેચાણ ખાતું જમા કરવામાં આવે છે.

**(ઈ) ધંધામાંથી ચોરાઈ ગયેલ માલ :** જ્યારે વેપારીની દુકાન કે ગોડાઉનમાંથી માલની ચોરી થાય છે, ત્યારે ધંધાના માલની પડતર કિંમત જેટલું નુકસાન થાય છે. તેથી ખર્ચ કે નુકસાન ખાતે ઉધારના નિયમથી ચોરીથી થયેલ નુકસાન ખાતું ઉધાર થાય છે અને ધંધામાંથી માલ જાય છે તેથી જાય તે તેટલે અંશે ખરીદ ખાતું જમા કરવામાં આવે છે.

માલની લેવડ-દેવડથી અસ્તિત્વમાં આવતાં માલનાં ખાતાં અંગેની હિસાબી નોંધ નીચે મુજબ છે :

| ક્રમ | વ્યવહારનું સ્વરૂપ | કોના ખાતે ઉધાર | કોના ખાતે જમા |
|---|---|---|---|
| (1) | ઉધાર માલ ખરીદીએ ત્યારે | ખરીદ ખાતે | વેપારી કે લેણદાર ખાતે |
| (2) | ઉધાર માલ વેચીએ ત્યારે | ગ્રાહક કે દેવાદાર ખાતે | વેચાણ ખાતે |
| (3) | ઉધાર વેચેલ માલ પૈકી માલ પરત મળે ત્યારે | વેચાણમાલ પરત ખાતે | ગ્રાહક કે દેવાદાર ખાતે |
| (4) | ઉધાર ખરીદેલ માલ પૈકી આપણે માલ પરત કરીએ ત્યારે | વેપારી કે લેણદાર ખાતે | ખરીદમાલ-પરત ખાતે |
| (5) | ધંધાનો માલિક અંગત વપરાશ માટે માલ લઈ જાય ત્યારે | ઉપાડ ખાતે | ખરીદ ખાતે (ઉપાડથી ગયેલ માલ ખાતે) |
| (6) | માલ ધર્માદામાં આપવામાં આવે ત્યારે | ધર્માદા ખર્ચ ખાતે | ખરીદ ખાતે (ધર્માદાથી ગયેલ માલ ખાતે) |
| (7) | જાહેરાતમાં નમૂના તરીકે વહેંચેલ માલ અંગે | જાહેરાત ખર્ચ ખાતે | ખરીદ ખાતે (જાહેરાતથી ગયેલ માલ ખાતે) |
| (8) | આગથી માલ બળી જાય ત્યારે | આગથી થયેલ નુકસાન ખાતે | ખરીદ ખાતે (આગથી બળી ગયેલ માલ ખાતે) |
| (9) | માલ ચોરાઈ જાય ત્યારે | ચોરીથી થયેલ નુકસાન ખાતે | ખરીદ ખાતે (ચોરીથી ગયેલ માલ ખાતે) |
| (10) | ધંધામાં મફત નમૂના તરીકે મળેલ માલ વેચીએ ત્યારે | રોકડ ખાતે | વેચાણ ખાતે |

હવે આપણે માલની વિવિધ રીતે જાવક અંગેના વ્યવહારોની આમનોંધ ઉદાહરણની મદદથી લખીશું.

**નોંધ :** ઉપર ક્રમાંક (5)થી (9)માં કૌંસમાં દર્શાવેલ વિગત પ્રમાણે પણ આમનોંધ લખવાની પ્રથા છે. પણ પ્રવર્તમાન સમયમાં આ રકમ ખરીદ ખાતે જમા કરવામાં આવે છે.

**ઉદાહરણ 5 :** નીચેના વ્યવહારોની મુરલીધરના ચોપડામાં આમનોંધ લખો.

2014

મે 1 ધંધામાંથી ₹ 1000નો માલ અંગત વપરાશ માટે લઈ ગયા.

3 ₹ 700નો માલ આગથી બળી ગયો જેનો વીમો ઉતરાવેલ ન હતો.

5 ધંધામાંથી ₹ 500નો માલ ચોરાઈ ગયો.

8 પોલીસ તપાસ થતાં ₹ 100નો ચોરાયેલ માલ પરત મળ્યો.

12 ₹ 2500નો માલ આગથી બળી ગયો, વીમા કંપનીએ તેનો દાવો મંજૂર રાખ્યો.

15 ₹ 4000નો માલ જહાજ ડૂબી જવાથી દરિયામાં તણાઈ ગયો. જેનો વીમા કંપનીએ 50 % રકમનો દાવો મંજૂર કર્યો.

16 ₹ 500નો માલ ધર્માદા તરીકે મફત વહેંચ્યો.

20 ₹ 200નો માલ જાહેરાતના ઉદ્દેશથી ગ્રાહકોમાં નમૂના તરીકે મફત વહેંચ્યો.

22 ઉત્પાદક પાસેથી ₹ 400નો માલ મફત નમૂના તરીકે મળ્યો.

25 તા. 22ના રોજ મળેલ માલ વેચતાં ₹ 300 મળ્યા.

28 ₹ 1500નો માલ આગથી બળી ગયો. વીમા કંપનીએ ₹ 900નો દાવો મંજૂર કર્યો. આ માલ ભંગાર તરીકે વેચતાં ₹ 200 ઊપજ્યા.

30 ₹ 600નો માલ વરસાદથી પલળી જવાથી બગડી ગયો, જે ₹ 200માં વેચ્યો.

## મુરલીધરની આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| મે 1 | ઉપાડ ખાતે ઉ | | 1000 | |
| | તે ખરીદ ખાતે | | | 1000 |
| | [બા.જે. : ₹ 1000નો માલ અંગત વપરાશ માટે લઈ ગયા તેના.] | | | |
| 3 | આગથી થયેલ નુકસાન ખાતે ઉ | | 700 | |
| | તે ખરીદ ખાતે | | | 700 |
| | [બા.જે. : ₹ 700નો માલ આગથી નાશ પામ્યો તેના.] | | | |
| 5 | ચોરીથી થયેલ નુકસાન ખાતે ઉ | | 500 | |
| | તે ખરીદ ખાતે | | | 500 |
| | [બા.જે. : ₹ 500નો માલ ચોરાઈ ગયો તેના.] | | | |
| 8 | ખરીદ ખાતે ઉ | | 100 | |
| | તે ચોરીથી થયેલ નુકસાન ખાતે | | | 100 |
| | [બા.જે. : ₹ 100નો ચોરાઈ ગયેલ માલ પરત મળ્યો તેના.] | | | |
| 12 | વીમા કંપની ખાતે ઉ | | 2500 | |
| | તે ખરીદ ખાતે | | | 2500 |
| | [બા.જે. : ₹ 2500નો વીમા કંપનીએ દાવો મંજૂર કર્યો તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 15 | વીમા કંપની ખાતે ઉ<br>માલ ડૂબવાથી થયેલ નુકસાન ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 4000ની મૂ.કિં.નો માલ ડૂબી ગયો, વીમા કંપની પાસે ₹ 2000નો દાવો મંજૂર થયો તેના.] | | 2000<br>2000 | <br><br>4000 |
| 16 | ધર્માદા ખર્ચ ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 500 ધર્માદામાં માલ આપ્યો તેના.] | | 500 | <br>500 |
| 20 | જાહેરાત ખર્ચ ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 200 જાહેરાત માટે મફત માલ વહેંચ્યો તેના.] | | 200 | <br>200 |
| 22 | બિનઆર્થિક વ્યવહાર છે. | | | |
| 25 | રોકડ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>[બા.જે. : ₹ 300નો માલ જાહેરાત માટે મળેલ તે માલ વેચ્યો તેના.] | | 300 | <br>300 |
| 28 | વીમા કંપની ખાતે ઉ<br>રોકડ ખાતે ઉ<br>આગથી થયેલ નુકસાન ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 1500નો માલ આગથી નાશ પામ્યો. વીમા કંપની પાસેથી ₹ 900 લ્હેણા થયા. રોકડ ઊપજ ₹ 200 થઈ અને નુકસાનનાં ₹ 400 થયા.] | | 900<br>200<br>400 | <br><br><br>1500 |
| 30 | રોકડ ખાતે ઉ<br>પલળી ગયેલ માલના નુકસાન ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 600નો વરસાદથી પલળી ગયેલ માલ ₹ 200માં વેચ્યો અને તફાવતની રકમ ₹ 400 નુકસાન ખાતે ઉધારી તેના.] | | 200<br>400 | <br><br>600 |
| | **કુલ સરવાળો** | | **11,900** | **11,900** |

**8. બૅન્ક દ્વારા થતા વ્યવહારો (Transactions through Bank)**

વેપારીઓ વર્તમાન સમયમાં મોટાભાગની નાણાકીય લેવડ-દેવડ બૅન્ક મારફતે કરે છે. ધંધા દ્વારા બૅન્ક સાથે નાણાકીય લેવડ-દેવડ મુખ્યત્વે બે પ્રકારે થાય છે : (1) રોકડ લેવડ-દેવડ (2) રોકડ સિવાયની લેવડ-દેવડ

**(1) રોકડ લેવડ-દેવડના વ્યવહારો :**

**(A) રોકડ રકમ બૅન્કમાં ભરવામાં આવે ત્યારે :** વેપારી ધંધાનાં ફાજલ નાણાં બૅન્કમાં ભરી દે છે. બૅન્ક નાણાં લેનાર છે. બૅન્ક ખાતું વ્યક્તિનું ખાતું છે. તેથી લેનાર ખાતે ઉધારના નિયમથી બૅન્ક ખાતું ઉધાર થાય છે. ધંધામાંથી રોકડ જાય છે તેથી જાય તે જમાના નિયમથી રોકડ ખાતું જમા થાય છે.

**(B) રોકડ રકમ બૅન્કમાંથી ઉપાડવામાં આવે ત્યારે :** ધંધાની જરૂરિયાત મુજબ ધંધાના ખર્ચા કે અન્ય કારણોસર બૅન્કમાંથી રોકડ રકમ ઉપાડવામાં આવે છે. અહીં ધંધામાં રોકડ આવે છે, તેથી આવે તે ઉધારના નિયમથી રોકડ ખાતું ઉધાર થાય છે અને બૅન્ક રોકડ આપનાર છે. આપનાર ખાતે જમાના નિયમથી બૅન્ક ખાતું જમા કરવામાં આવે છે. જો ધંધાનો માલિક પોતાના અંગત વપરાશ માટે ધંધાના બૅન્ક ખાતામાંથી રોકડ ઉપાડે ત્યારે ઉપાડ ખાતું ઉધાર થાય છે અને બૅન્ક ખાતું જમા થાય છે.

**(2) રોકડ સિવાયના વ્યવહારોની લેવડ-દેવડ :**

**(A) મળેલ ચેક બૅન્કમાં ભરવામાં આવે ત્યારે :** જ્યારે દેવાદાર (ગ્રાહક) કે અન્ય કોઈ વ્યક્તિ પાસેથી ચેક મળે છે ત્યારે તેની અસર બૅન્ક ખાતે આપવામાં આવે છે. બૅન્ક ચેક લેનાર હોવાથી બૅન્ક ખાતું ઉધારાય છે અને ગ્રાહક કે અન્ય વ્યક્તિ ચેક આપનાર હોવાથી તેનું ખાતું જમા કરવામાં આવે છે.

**(B) ચેકથી નાણાં ચૂકવવામાં આવે ત્યારે :** વેપારીઓ પોતાના ધંધાના મોટાભાગના ખર્ચા, લેણદારો વગેરેનાં નાણાં ચેકથી ચૂકવતા હોય છે. આવા દરેક સંજોગોમાં ચેક લેનાર વ્યક્તિનું કે ખર્ચનું ખાતું ઉધાર કરવામાં આવે છે. બૅન્ક નાણાં આપનાર છે, તેથી બૅન્ક ખાતું જમા કરવામાં આવે છે.

**(3) બૅન્ક વ્યાજ :**

જ્યારે વેપારીનાં બૅન્ક ખાતામાં બૅન્ક વ્યાજ જમા આપે ત્યારે તેની માહિતી બૅન્ક પાસબુક કે બૅન્ક સ્ટેટમેન્ટ દ્વારા વેપારીને મળતી હોય છે. વેપારીના ચોપડે બૅન્ક ખાતું ઉધારાય અને બૅન્ક વ્યાજ ખાતું જમા કરવામાં આવે છે. જો વેપારીના ખાતામાં ઓવરડ્રાફ્ટ હોય તો, બૅન્ક વેપારી પાસેથી વ્યાજ વસૂલ કરે છે. આ વ્યાજ ધંધાનો ખર્ચ ગણાય છે. તેથી વેપારીનાં ચોપડે બૅન્ક ઓવરડ્રાફ્ટ વ્યાજ ખાતે ઉધાર થાય છે અને બૅન્ક ખાતું જમા કરવામાં આવે છે.

**(4) બૅન્ક ચાર્જિસ :**

બૅન્ક વેપારીને જે સેવાઓ આપે છે તેના બદલામાં અમુક રકમ (ચાર્જ) વસૂલ કરે છે. તેને બૅન્ક ચાર્જિસ કહેવાય છે. આ રકમ ધંધાનો ખર્ચ હોવાથી વેપારીનાં ચોપડે બૅન્ક ચાર્જિસ ખાતું ઉધારાય છે અને બૅન્ક ખાતું જમા કરવામાં આવે છે. ટૂંકમાં બૅન્ક સાથેની નાણાકીય લેવડ-દેવડમાં એક મહત્ત્વનો નિયમ યાદ રાખો...

**"જે વ્યવહારના કારણે વેપારીના ચોપડે બૅન્કસિલક વધે તો બૅન્ક ખાતું ઉધાર થાય છે અને બૅન્કસિલક ઘટે તો બૅન્ક ખાતું જમા થાય છે."**

હવે આપણે બૅન્ક સાથેના વ્યવહારોની આમનોંધ નીચેના ઉદાહરણ પરથી શીખીશું.

**ઉદાહરણ 6 :** નીચેના વ્યવહારોની શ્રી વસંત ટ્રેડર્સના ચોપડે આમનોંધ લખો.

| | | |
|---|---|---|
| 2014 | | |
| જૂન | 1 | ₹ 20,000 SBI બૅન્કમાં ભરી ચાલુ ખાતું ખોલાવ્યું. |
| | 2 | ₹ 5000નો માલ વેચ્યો, જેનાં નાણાં બારોબાર બૅન્કમાં ભર્યાં. |
| | 4 | ₹ 10,000નું ફર્નિચર ખરીદ્યું, તેનાં નાણાં ચેકથી ચૂકવ્યા. |
| | 8 | ઘરખર્ચ માટે ₹ 400 તથા ઑફિસ ખર્ચ માટે ₹ 700 બૅન્કમાંથી ઉપાડ્યા. |
| | 10 | વિરાટ પાસેથી ₹ 1500નો ચેક મળ્યો. |
| | 15 | પાર્થિવને ₹ 3000નો માલ રોકડેથી વેચ્યો. તેમાંથી અડધા નાણાં ચેકથી મળ્યા. |
| | 18 | આગનું વીમા-પ્રીમિયમ ₹ 450 તથા જીવન વીમા-પ્રીમિયમનાં ₹ 300 ચેકથી ચૂકવ્યા. |
| | 22 | ડિવિડન્ડ વોરંટ ₹ 200નો ચેક બૅન્કમાં ભર્યો. |
| | 25 | બૅન્કે આપણા ખાતામાં બૅન્ક વ્યાજના ₹ 100 જમા કર્યા છે, તથા ₹ 50 બૅન્ક ચાર્જિસના ઉધાર કર્યા છે. |
| | 28 | શ્રી પરમને ₹ 800નો ચેક હિસાબ પેટે આપ્યો. |
| | 30 | શ્રી શિવાજી પાસેથી ₹ 600નો ચેક મળ્યો. |

### વસંત ટ્રેડર્સની આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| જૂન 1 | SBI બૅન્ક ખાતે ઉ | | 20,000 | |
| | તે રોકડ ખાતે | | | 20,000 |
| | [બા.જે. : ₹ 20,000 SBI બૅન્કમાં રોકડા ભરી ખાતું ખોલાવ્યું તેના.] | | | |
| 2 | બૅન્ક ખાતે ઉ | | 5000 | |
| | તે વેચાણ ખાતે | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000નો માલ વેચી નાણાં બારોબાર બૅન્કમાં ભર્યા તેના.] | | | |
| 4 | ફર્નિચર ખાતે ઉ | | 10,000 | |
| | તે બૅન્ક ખાતે | | | 10,000 |
| | [બા.જે. : ચેક આપી ₹ 10,000નું ફર્નિચર ખરીદ્યું તેના.] | | | |
| 8 | ઉપાડ ખાતે ઉ | | 400 | |
| | રોકડ ખાતે ઉ | | 700 | |
| | તે બૅન્ક ખાતે | | | 1100 |
| | [બા.જે. : ₹ 400 ઘરખર્ચ તથા ₹ 700 ઑફિસ ખર્ચ માટે બૅન્કમાંથી ઉપાડ્યા તેના.] | | | |
| 10 | બૅન્ક ખાતે ઉ | | 1500 | |
| | તે વિરાટ ખાતે | | | 1500 |
| | [બા.જે. : ₹ 1500નો વિરાટ પાસેથી ચેક મળ્યો તેના.] | | | |
| 15 | રોકડ ખાતે ઉ | | 1500 | |
| | બૅન્ક ખાતે ઉ | | 1500 | |
| | તે વેચાણ ખાતે | | | 3000 |
| | [બા.જે. : ₹ 3000 રોકડેથી માલ વેચ્યો, તે પૈકી અડધા નાણાં ચેકથી મળ્યા તેના.] | | | |
| 18 | આગના વીમા-પ્રીમિયમ ખાતે ઉ | | 450 | |
| | ઉપાડ ખાતે ઉ | | 300 | |
| | તે બૅન્ક ખાતે | | | 750 |
| | [બા.જે. : ₹ 450 આગના અને ₹ 300 જીવન વીમાના પ્રીમિયમના ચેકથી ચૂકવ્યા તેના.] | | | |
| 22 | બૅન્ક ખાતે ઉ | | 200 | |
| | તે ડિવિડન્ડ ખાતે | | | 200 |
| | [બા.જે. : ₹ 200નું ડિવિડન્ડ વોરંટ બૅન્કમાં ભર્યું તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 25(A) | બૅન્ક ખાતે ઉ | | 100 | |
| | તે બૅન્ક વ્યાજ ખાતે | | | 100 |
| | [બા.જે. : બૅન્કે વ્યાજના ₹ 100 જમા કર્યા તેના.] | | | |
| (B) | બૅન્ક ચાર્જિસ ખાતે ઉ | | 50 | |
| | તે બૅન્ક ખાતે | | | 50 |
| | [બા.જે. : બૅન્કે બૅન્ક ચાર્જિસના ₹ 50 ઉધાર કર્યા તેના.] | | | |
| 28 | પરમ ખાતે ઉ | | 800 | |
| | તે બૅન્ક ખાતે | | | 800 |
| | [બા.જે. : પરમને ₹ 800ના હિસાબ પેટે ચેક આપ્યો તેના.] | | | |
| 30 | બૅન્ક ખાતે ઉ | | 600 | |
| | તે શિવાજી ખાતે | | | 600 |
| | [બા.જે. : ₹ 600નો શિવાજીનો ચેક બૅન્કમાં ભર્યો તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **43,100** | **43,100** |

## 9. લોન અને લોનનું વ્યાજ (Loan and Interest on Loan)

લોન અને લોનનું વ્યાજ અંગેના વ્યવહારોને બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય : (i) લીધેલ લોન અને ચૂકવેલ / ચૂકવવાપાત્ર વ્યાજ (ii) ધીરેલ લોન અને મળેલ / મળવાપાત્ર વ્યાજ. ધંધો ચલાવવા માટે માલિકની મૂડી ઉપરાંત વધારાનાં નાણાંની જરૂરિયાત ઊભી થાય છે. આવા સંજોગોમાં વેપારી દ્વારા બૅન્ક, શરાફી સંસ્થા, અન્ય વ્યક્તિ પાસેથી અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણાં ઉછીના લેવામાં આવે છે. આ રીતે ઉછીની લીધેલી રકમ એટલે લીધેલી લોન. ઘણી વખત ધંધાના ફાજલ/વધારાના નાણાંમાંથી કર્મચારીઓ કે અન્ય વ્યક્તિને ઉછીનાં નાણાં આપવામાં આવે તો તેને આપેલ/ધીરેલી લોન કહે છે. બંને પ્રકારનાં લોન ખાતાં વ્યક્તિનાં ખાતાં છે. તેથી તેને વ્યક્તિ ખાતાનો નિયમ લાગુ પડે છે. નક્કી કરેલ દરે ચોક્કસ સમયના અંતે લોન પર વ્યાજ ગણવામાં આવે છે. લીધેલી લોન પરનું વ્યાજ ધંધાનું ખર્ચ ગણાય તેથી વ્યાજ ખાતું ઉધાર થાય છે. જ્યારે આપેલી કે ધીરેલી લોન પર વ્યાજ મળે છે, અહીં વ્યાજ ઊપજ હોવાથી વ્યાજ ખાતું જમા કરવામાં આવે છે. લીધેલ લોન ધંધાનું દેવું ગણાય છે તેથી તેના ખાતે જમા થાય છે. ધીરેલ લોન ધંધાનું લેણું ગણાય છે તેથી તેના ખાતે ઉધાર થાય છે.

નીચેના ઉદાહરણ પરથી લોન અને લોનના વ્યાજના વ્યવહારોની સમજૂતી મેળવીએ :

**ઉદાહરણ 7 :** નીચેના વ્યવહારોની શ્રી પ્રણામના ચોપડે આમનોંધ લખો.

2015

જાન્યુ. 1 પવન પાસેથી ₹ 15,000ની લોન 14 ટકાના દરે વ્યાજે લઈ ધંધામાં લાવ્યા.

માર્ચ 1 પુષ્કરને 18 ટકાના વ્યાજે ₹ 18,000ની લોન આપી.

જૂન 30 પવનને છ માસનું લોન પર વ્યાજ ચૂકવ્યું.

ઑગસ્ટ 31 પુષ્કર પાસેથી લોન પર છ માસનું વ્યાજ મળ્યું.

**શ્રી પ્રણામની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2015 | | | | |
| જાન્યુ. 1 | રોકડ ખાતે ઉ | | 15,000 | |
| | તે 14 ટકાની પવનની લોન ખાતે | | | 15,000 |
| | [બા.જે. : 14 ટકાની ₹ 15,000ની લોન લઈ ધંધામાં લાવ્યા તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| માર્ચ 1 | પુષ્કરને ધીરેલી લોન ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : 18 ટકાના વ્યાજે ₹ 18,000ની લોન આપી તેના.] | | 18,000 | 18,000 |
| જૂન 30 | લોન વ્યાજ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : 14 % લેખે લોનનું છ માસનું વ્યાજ ₹ 1050 ચૂકવ્યું તેના.] | | 1050 | 1050 |
| ઑગસ્ટ 31 | રોકડ ખાતે ઉ<br>તે લોનના વ્યાજ ખાતે<br>[બા.જે. : પુષ્કરની લોન પર છ માસનું વ્યાજ ₹ 1620 મળ્યું તેના.] | | 1620 | 1620 |
| | **કુલ સરવાળો** | | **35,670** | **35,670** |

જાન્યુ. 1નાં રોજ 14 ટકાની લોન લીધી છે તે દેવું છે તેથી લોન ખાતે જમા કરવામાં આવેલ છે. આ લોન પર છ મહિનાનું વ્યાજ 30મી જૂને ચૂકવેલ છે, જે ખર્ચ છે, જે લોનના વ્યાજ ખાતે ઉધારી રોકડ ખાતે જમા કરેલ છે.

માર્ચ 1નાં રોજ 18 ટકાના દરે લોન ધીરેલ છે, તે લેણું છે તેથી લોન ખાતે ઉધારવામાં આવેલ છે. આ લોન પર છ મહિનાનું વ્યાજ 31મી ઑગસ્ટે મળેલ છે, જે ઊપજ છે, જે રોકડ ખાતે ઉધારી લોનના વ્યાજ ખાતે જમા કરેલ છે.

## 10. વેપારીવટાવ, રોકડવટાવ અને કસર (Trade Discount, Cash Discount and Allowance)

ધંધામાં માલની ખરીદી કે વેચાણ વખતે અને ઉઘરાણી વખતે ઘણી વાર કુલ કિંમત કરતાં સહેજે ઓછી રકમ ચૂકવવામાં આવે કે વસૂલ કરવામાં આવે છે. તે ઓછી ચૂકવાતી કે વસૂલાતી આવી રકમને વટાવ કે કસર કહે છે. વટાવ બે પ્રકારે જોવા મળે છે : (1) વેપારીવટાવ (2) રોકડવટાવ.

**(1) વેપારીવટાવ (Trade discount) :** કંપનીઓ વસ્તુઓના પૅકિંગ ઉપર કુલ કિંમત દર્શાવે છે. આ કિંમતે ખુલ્લા બજારમાં વેચાણ કરવામાં આવે છે. ઉત્પાદક કે જથ્થાબંધ વેપારીઓ છૂટક વેપારીને માલ વેચતી વખતે કુલ કિંમતમાંથી અમુક ટકા વળતર આપે છે, જેને વેપારીવટાવ કહેવાય છે. આ વેપારીવટાવ ઉત્પાદક કે જથ્થાબંધ વેપારીનો ખર્ચ નથી કે છૂટક વેપારીની આવક નથી, તેથી **વેપારીવટાવની હિસાબી ચોપડામાં કોઈ નોંધ થતી નથી, હંમેશાં યાદ રાખો.**

માલના ખરીદ કે વેચાણનું બિલ બનાવતી વખતે જ કુલ કિંમતમાંથી વેપારીવટાવ બાદ કરવામાં આવે છે અને બિલની ચોખ્ખી રકમથી જ ખરીદનાર અને વેચનારનાં ચોપડામાં નોંધ થાય છે. દા.ત., પારસ પાસેથી ₹ 5000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો. આ વ્યવહારમાં બિલ બનાવતા 10 % વટાવ કાપી આપવામાં આવશે. અહીં,

| | | |
|---|---|---|
| | ₹ 5000 | કુલ કિંમત |
| – | ₹ 500 | 10 % વેપારીવટાવ |
| | ₹ 4500 | ચોખ્ખી રકમથી હિસાબી ચોપડે નોંધ થશે. |

**(2) રોકડવટાવ (Cash discount) :** વેપારીઓ સ્પર્ધાત્મક વેચાણ વધારવા માલનું ઉધાર કે શાખ પર વેચાણ કરતા હોય છે. ગ્રાહક માલનાં નાણાં શાખની મુદત પૂરી થતાં ચૂકવે છે. પરિણામે ધંધામાં રોકડની અછત અનુભવવી પડે છે. ઉધાર વેચાણનાં નાણાં ખરીદનાર ગ્રાહક ઝડપથી ચૂકવે તે માટે તેને અમુક ટકા લેખે પ્રોત્સાહક વળતર આપવામાં આવે છે. આ વળતરને રોકડવટાવ કહે છે. આમ, રોકડવટાવ એ ગ્રાહકને નિયત સમયમાં કે તેની પહેલાં નાણાં ચૂકવવા માટેનું એક પ્રકારનું પ્રલોભન છે. રોકડવટાવ આપનાર વેપારી માટે ખર્ચ છે તેથી વટાવ ખાતે ઉધાર થાય છે અને રોકડવટાવનો લાભ લેનાર વેપારી/ગ્રાહક માટે તે ઊપજ છે, તેથી વટાવ ખાતે જમા કરવામાં આવે છે.

**રોકડવટાવ એ ઊપજ કે ખર્ચ હોવાથી વેપારી અને ગ્રાહક બંનેના ચોપડે નોંધ કરવામાં આવે છે; યાદ રાખો : નિયત મુદતમાં નાણાં ન ચૂકવાય તો રોકડવટાવનો લાભ આપવામાં આવતો નથી.**

દા.ત., રામેશ્વર પાસેથી ₹ 10,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે રોકડેથી ખરીદ્યો. અહીં, કુલ કિંમત ₹ 10,000 બાદ 10 % વેપારીવટાવ ₹ 1000 = ₹ 9000 ખરીદીની નોંધ બાદ 5 % રોકડવટાવ ₹ 450 = ₹ 8550 ચોખ્ખી ચૂકવવાની રકમ.

**વેપારીવટાવ અને રોકડવટાવ વચ્ચેનો તફાવત :**

| ક્રમ | વેપારીવટાવ | રોકડવટાવ |
|---|---|---|
| (1) | વેપારીવટાવની ગણતરી કુલ કિંમત કે કેટલોગ કિંમત પર થાય છે. | (1) રોકડવટાવની ગણતરી કુલ કિંમત – વેપારી વટાવ = ચોખ્ખી કિંમત પર થાય છે. |
| (2) | વેપારીવટાવની હિસાબી ચોપડે નોંધ થતી નથી. | (2) રોકડવટાવની હિસાબી ચોપડે નોંધ કરવામાં આવે છે. |
| (3) | છૂટક વેપારીઓ માલ કુલ કિંમતે વેચે અને વાજબી ખર્ચ કાઢતા ચોક્કસ નફો મળી રહે તે હેતુથી વેપારીવટાવ આપવામાં આવે છે. | (3) ઉધાર વેચાણનાં નાણાં ગ્રાહક નિયત મુદતમાં કે વહેલાં ચૂકવે તે હેતુથી રોકડવટાવ આપવામાં આવે છે. |
| (4) | માલનું બિલ બનાવતી વખતે જ વેપારીવટાવ બાદ કરી આપવામાં આવે છે. | (4) માલનું બિલ બનાવતી વખતે રોકડવટાવ બાદ કરવામાં આવતો નથી. |
| (5) | વેપારીવટાવની શરતથી ક્યારેક ગ્રાહક મોટા જથ્થામાં ખરીદી કરવા લલચાય કે પ્રેરાય છે. | (5) રોકડવટાવની શરતથી ગ્રાહક નિયત મુદતમાં કે વહેલી તકે રકમ ચૂકવવા પ્રેરાય છે. |

**(3) કસર (Allowance) :** કેટલીક વાર વેપારી લેણાં કે દેવાંની પતાવટ વખતે હિસાબ ચૂકતે કરવા માટે અમુક રકમ ઓછી લઈને કે આપીને લેણાં કે દેવાંની પતાવટ કરે છે. તો જેટલી રકમ ઓછી લીધેલ કે ઓછી આપેલ હોય તેને કસર કે છૂટ કહેવામાં આવે છે.

આપેલ કસર કે છૂટ ધંધાનું ખર્ચ હોવાથી વટાવ કે કસર ખાતે ઉધાર થાય છે તેમજ મળેલ કસર કે છૂટ ઊપજ હોવાથી વટાવ કે કસર ખાતે જમા કરવામાં આવે છે. આમ, કસરની નોંધ પણ રોકડવટાવની જેમ જ કરવામાં આવે છે. કસર કે છૂટ કોઈ રીતરસમ કે વેપારી રિવાજ મુજબ નિયત દરે નક્કી થતી નથી. ચૂકવવાપાત્ર કે વસૂલવા પાત્ર રકમમાંથી અલ્પ રકમ બાદ કરી નાણાં ચૂકવાય છે. દા.ત., વરુણને ₹ 515 ચૂકવવાના બાકી પેટે ચૂકતે હિસાબે ₹ 500 રોકડા આપ્યા. અહીં ચૂકવવાપાત્ર ₹ 515 પરંતુ ચૂકવ્યા ₹ 500 તેથી તફાવતની રકમ ₹ 15 કસર કે છૂટ કહેવાય.

ઉપર્યુક્ત વ્યવહારોની સમજૂતી ઉદાહરણ મારફત મેળવીએ.

**ઉદાહરણ 8 :** નીચેના વ્યવહારો મહેન્દ્ર સંઘવીના ચોપડે આમનોંધમાં લખો :

2014

જુલાઈ 1 તરુણા ટ્રેડર્સમાંથી ₹ 10,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો.

5 ગાંધી બ્રધર્સને ₹ 7000નો માલ 5 % વેપારીવટાવે રોકડેથી વેચ્યો.

8 ₹ 12,000નો માલ મંગળદાસ પાસેથી 10 % વેપારીવટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો. નાણાં રોકડા ચૂકવ્યા.

10 વિરલને ₹ 11,000નો માલ 10 % વેપારીવટાવે અને 5% રોકડવટાવે વેચ્યો. જેનાં નાણાં રોકડા મળ્યા.

12. ₹ 8000નો માલ 10 % વેપારીવટાવે અને 10 % રોકડવટાવે બિહારી બ્રધર્સમાંથી ખરીદ્યો. અડધાં નાણાં તરત જ રોકડા ચૂકવ્યા.

15. ₹ 15,000નો માલ બિમલને 10 % વેપારી વટાવે અને જો 20 તારીખ સુધીમાં નાણાં ચૂકવે તો 10 % રોકડવટાવે વેચ્યો.

18. તા. 15ના વેચાણ પૈકી અડધી રકમનો ચેક બિમલે આપ્યો, જે બૅન્કમાં ભર્યો.

22. બિમલે બાકીની લેણી રકમ રોકડેથી ચૂકવી.

25. સુનીતા પાસે ₹ 1020 લેણા હતા, તેણે ચૂકતેના હિસાબે ₹ 1000 રોકડા આપ્યા.

31. વૈશાલીને ₹ 810ના દેવા પેટે ₹ 800નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

## મહેન્દ્ર સંઘવીની આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| જુલાઈ 1 | ખરીદ ખાતે ઉ | | 9000 | |
| | તે તરુણા ટ્રેડર્સ ખાતે | | | 9000 |
| | [બા.જે. : ₹ 10,000નો માલ 10 % વેપારીવટાવે તરુણા ટ્રેડર્સમાંથી ખરીદ્યો તેના.] | | | |
| 5 | રોકડ ખાતે ઉ | | 6650 | |
| | તે વેચાણ ખાતે | | | 6650 |
| | [બા.જે. : ₹ 7000નો માલ 5 % વેપારીવટાવે ગાંધી બ્રધર્સને રોકડેથી વેચ્યો તેના.] | | | |
| 8 | ખરીદ ખાતે ઉ | | 10,800 | |
| | તે રોકડ ખાતે | | | 10,260 |
| | તે મળેલ વટાવ ખાતે | | | 540 |
| | [બા.જે. : ₹ 12,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે રોકડેથી ખરીદ્યો તેના.] | | | |
| 10 | રોકડ ખાતે ઉ | | 9405 | |
| | વટાવ ખાતે ઉ | | 495 | |
| | તે વેચાણ ખાતે | | | 9900 |
| | [બા.જે. : ₹ 11,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે રોકડેથી વેચ્યો તેના.] | | | |
| 12 | ખરીદ ખાતે ઉ | | 7200 | |
| | તે રોકડ ખાતે | | | 3240 |
| | તે વટાવ ખાતે | | | 360 |
| | તે બિહારી બ્રધર્સ ખાતે | | | 3600 |
| | [બા.જે. : ₹ 8000નો માલ 10 % વેપારીવટાવે અને 10 % રોકડવટાવે બિહારી બ્રધર્સમાંથી ખરીદી અડધા નાણાં રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| 15 | બિમલ ખાતે ઉ | | 13,500 | |
| | તે વેચાણ ખાતે | | | 13,500 |
| | [બા.જે. : ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવે બિમલને વેચ્યો તેના.] | | | |
| 18 | બૅન્ક ખાતે ઉ | | 6075 | |
| | આપેલ વટાવ ખાતે ઉ | | 675 | |
| | તે બિમલ ખાતે | | | 6750 |
| | [બા.જે. : બિમલે અડધી રકમ ચેકથી ચૂકવી અને તેને 10 % રોકડવટાવ આપ્યો તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 22 | રોકડ ખાતે ઉ<br>તે બિમલ ખાતે<br>[બા.જે. : બિમલે બાકીની લેણી રકમ ₹ 6750 ચૂકવી તેના.] | | 6750 | 6750 |
| 25 | રોકડ ખાતે ઉ<br>કસર ખાતે ઉ<br>તે સુનીતા ખાતે<br>[બા.જે. : ₹ 1020 સુનીતા પાસેથી લેણા પેટે ચૂકતે હિસાબે ₹ 1000 મળ્યા તેના.] | | 1000<br>20 | 1020 |
| 31 | વૈશાલી ખાતે ઉ<br>તે બૅન્ક ખાતે<br>તે કસર ખાતે<br>[બા.જે. : વૈશાલીને ₹ 810ના દેવા પેટે ₹ 800નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો તેના.] | | 810 | 800<br>10 |
| | **કુલ સરવાળો** | | **72,380** | **72,380** |

## 11. ઊપજ-ખર્ચના વ્યવહારો (Transactions of Revenue and Expense)

ધંધામાં હિસાબી સમય દરમિયાન અનેક પ્રકારના ખર્ચા નિયમિત સ્વરૂપે થતા હોય છે તેમજ વિવિધ પ્રકારની ઊપજ નિયમિત સ્વરૂપે થતી હોય છે. ઊપજ-ખર્ચ ખાતાના નિયમ અનુસાર ખર્ચ કે નુકસાન ખાતું ઉધાર થાય છે અને ઊપજ કે લાભનું ખાતું જમા કરવામાં આવે છે.

ધંધો ચલાવવા માટે રોજબરોજ થતા કેટલાક ખર્ચા જેવા કે કાગળ, પેન્સિલ, રબર, શાહી, પેન, પત્રકો, રજિસ્ટર વગેરે ઑફિસ માટેની જરૂરી સામગ્રીને સ્ટેશનરી કહેવાય છે તેમજ ધંધાની જાળવણી અંગેના ખર્ચા જેવાકે રંગરોગાન, સમારકામ વગેરે મરામત ખર્ચ ગણી શકાય છે. ઉપરાંત પગાર, મજૂરી, ટેલિફોન ખર્ચ વગેરેનો પણ સમાવેશ થાય છે.

ધંધાના પરચૂરણ ખર્ચા જેવા કે ચા-પાણી-નાસ્તા ખર્ચ, સરભરા કે અન્ય મનોરંજન વગેરે પરચૂરણ ખર્ચ ખાતે ઉધાર કરવામાં આવે છે. ધંધાની વિવિધ ઊપજોમાં મળેલ વ્યાજ, કમિશન, ભાડું, દલાલી અને ડિવિડન્ડનો સમાવેશ થાય છે.

નીચેનાં ઉદાહરણ પરથી ઊપજ-ખર્ચના વ્યવહારોની સમજૂતી મેળવીએ.

**ઉદાહરણ 9 :** નીચેના વ્યવહારોની શ્રી અરુણ પારેખનાં ચોપડે આમનોંધ લખો.

2014

ઑગસ્ટ 1 દુકાન માટે જરૂરી હિસાબી ચોપડા ₹ 650ના ખરીદ્યા.

2 મજૂરીના ₹ 200 અને લારીભાડાનાં ₹ 100 રોકડા ચૂકવ્યા.

8 કમિશન ₹ 800 મળ્યું.

10 દુકાનમાં રંગરોગાનનો ખર્ચ ₹ 2500 ચૂકવ્યો.

20 વીજળી-બિલ ₹ 1800 ચેકથી ભર્યું.

25 દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ચા-પાણી નાસ્તાના ₹ 1200 ચૂકવ્યા.

30 દલાલીનો ₹ 900નો ચેક મળ્યો.

31 ₹ 50ની નોટ બકરી ખાઈ ગઈ.

**શ્રી અરુણ પારેખની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| ઑગસ્ટ 1. | સ્ટેશનરી ખર્ચ ખાતે ઉ | | 650 | |
| | તે રોકડ ખાતે | | | 650 |
| | [બા.જે. : ₹ 650ની સ્ટેશનરી ખરીદી તેના.] | | | |
| 2. | મજૂરી ખર્ચ ખાતે ઉ | | 200 | |
| | લારીભાડા ખાતે ઉ | | 100 | |
| | તે રોકડ ખાતે | | | 300 |
| | [બા.જે. : ₹ 200 મજૂરી તથા ₹ 100 લારીભાડાના રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| 8. | રોકડ ખાતે ઉ | | 800 | |
| | તે મળેલ કમિશન ખાતે | | | 800 |
| | [બા.જે. : ₹ 800 કમિશન મળ્યું તેના.] | | | |
| 10. | મરામત ખર્ચ ખાતે ઉ | | 2500 | |
| | તે રોકડ ખાતે | | | 2500 |
| | [બા.જે. : ₹ 2500 દુકાનમાં રંગરોગાન ખર્ચના ચૂકવ્યા તેના.] | | | |
| 20. | વીજળી ખર્ચ ખાતે ઉ | | 1800 | |
| | તે બૅન્ક ખાતે | | | 1800 |
| | [બા.જે. : ₹ 1800 વીજળી બિલ ચેકથી ભર્યું તેના.] | | | |
| 25. | પરચૂરણ ખર્ચ ખાતે ઉ | | 1200 | |
| | તે રોકડ ખાતે | | | 1200 |
| | [બા.જે. : ₹ 1200 ચા-પાણી-નાસ્તા ખર્ચના રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| 30. | બૅન્ક ખાતે ઉ | | 900 | |
| | તે મળેલી દલાલી ખાતે | | | 900 |
| | [બા.જે. : ₹ 900 દલાલીનો ચેક મળ્યો તેના.] | | | |
| 31. | પરચૂરણ ખર્ચ ખાતે ઉ | | 50 | |
| | તે રોકડ ખાતે | | | 50 |
| | [બા.જે. : ₹ 50ની ચલણી નોટ બકરી ખાઈ ગઈ તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **8200** | **8200** |

**યાદ રાખો :** ધંધામાં કોઈ પણ વિશિષ્ટ કે ચોક્કસ ખાતે ઉધારી ન શકાય તેવા દુકાનને લગતા નજીવા ખર્ચાઓ પરચૂરણ ખર્ચ ખાતે નોંધવામાં આવે છે.

**12. ઘાલખાધ (ડુબેલું લેણું) અને ઘાલખાધ પરતના વ્યવહારો (Transactions of Bad Debts and Bad Debts Recovered)**

**(1) ઘાલખાધ (ડુબેલું લેણું) (Bad debts) :** ધંધામાં માલનું વેચાણ વધારવા ગ્રાહકોને ઉધારવેચાણ કરવામાં આવે છે. જ્યારે કોઈ ગ્રાહક નાદાર (દેવાળિયો) જાહેર થાય, ત્યારે ગ્રાહક પાસેથી લેણી નીકળતી રકમ પૂરેપૂરી કે અંશતઃ વસૂલ થઈ શકતી નથી. આવી વસૂલ નહિ થયેલ રકમને ઘાલખાધ કે ડૂબેલું લેણું કહે છે.

ઘાલખાધ એ ધંધાનું નુકસાન હોવાથી ઘાલખાધ ખાતે ઉધાર કરવામાં આવે છે અને નાણાં નહિ આપનાર જે-તે ગ્રાહક કે દેવાદારનું ખાતું જમા કરી તેનું ખાતું બંધ કરવામાં આવે છે. દા.ત., અનિલ નાદાર જાહેર થવાથી તેમની પાસેના લેણાં ₹ 500 માંડી વાળવાના છે. અહીં ઘાલખાધ ખાતે ₹ 500 ઉધારી અનિલ ખાતે ₹ 500 જમા કરવાથી તેમનું ખાતું બંધ થઈ જશે.

**(2) ઘાલખાધ પરત (Bad debts recovered) :** ભૂતકાળમાં ઘાલખાધ તરીકે માંડી વાળેલી રકમ ગ્રાહક કે દેવાદાર આર્થિક પરિસ્થિતિ સુધરતાં રકમ પરત કરે છે. આવી પરત રકમને ઘાલખાધ પરત કહેવાય છે. ઘાલખાધ પરત ધંધાની ઊપજ હોવાથી ઘાલખાધ પરત ખાતું જમા કરવામાં આવે છે અને રોકડ ધંધામાં આવતી હોવાથી રોકડ ખાતું ઉધારાય છે. કોઈ પણ સંજોગોમાં ગ્રાહક કે દેવાદારનું ખાતું જમા થતું નથી. કારણ કે ભૂતકાળમાં હિસાબી ચોપડે ગ્રાહકનું ખાતું બંધ કરવામાં આવેલ હોય છે.

નીચેના ઉદાહરણ પરથી આ વ્યવહારો વધુ સ્પષ્ટ થશે.

**ઉદાહરણ 10 :** નીચેના વ્યવહારો પરથી પ્રેરણાના ચોપડામાં આમનોંધ લખો.

2014

માર્ચ 1 વિશાલ નાદાર જાહેર થવાથી તેમની પાસેથી લેણી નીકળતી રકમ ₹ 2000 વસૂલ થઈ શકે તેમ નથી.

5 પરમ પાસેથી ₹ 3000 લેણા હતાં; પરંતુ તેઓ નાદાર જાહેર થતાં ફક્ત ₹ 1800 વસૂલ થયા. બાકીની રકમ માંડીવાળી.

10 ભૂતકાળમાં રોહનના માંડી વાળેલ ઘાલખાધના ₹ 1500 પરત મળેલ છે.

**શ્રી પ્રેરણાની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| માર્ચ 1 | ઘાલખાધ ખાતે ઉ | | 2000 | |
| | તે વિશાલ ખાતે | | | 2000 |
| | [બા.જે. : વિશાલ નાદાર થતાં લેણી રકમ ₹ 2000 માંડીવાળી તેના.] | | | |
| 5 | રોકડ ખાતે ઉ | | 1800 | |
| | ઘાલખાધ ખાતે ઉ | | 1200 | |
| | તે પરમ ખાતે | | | 3000 |
| | [બા.જે. : પરમ પાસેના લેણાં ₹ 3000 પૈકી ₹ 1800 વસૂલ થયા બાકીની રકમ માંડી વાળી તેના.] | | | |
| 10 | રોકડ ખાતે ઉ | | 1500 | |
| | તે ઘાલખાધ પરત ખાતે | | | 1500 |
| | [બા.જે. : ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધના ₹ 1500 પરત મળ્યા તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **6500** | **6500** |

**બધા જ પ્રકારના વ્યવહારો :**

**ઉદાહરણ 11 :** શ્રી ઓમકાર ટ્રેડર્સના નામે શરૂ કરેલા ધંધાના નીચેના વ્યવહારો તેમની આમનોંધમાં લખો :

2014

ઑક્ટો. 1 ₹ 40,000 રોકડા, ₹ 10,000નું ફર્નિચર, ₹ 8000નો માલ સ્ટૉક અને ₹ 20,000ની પ્રજ્ઞાની 8 ટકાની લોનથી ધંધો શરૂ કર્યો.

2 પેઢીનાં મૂહુર્ત વખતે આઇસક્રીમ તથા અન્ય ખર્ચ ₹ 3500 થયો.

3 બૅન્ક ઑફ બરોડામાં ₹ 25,000 ભરી ખાતું ખોલાવ્યું.

4 ઇલેક્ટ્રોનિક કાંટો ₹ 4000માં ખરીદ્યો.

5 નવકાર ટ્રેડર્સ પાસેથી ₹ 5000નું યંત્ર ખરીદ્યું અને યંત્ર ગોઠવણી ખર્ચના ₹ 500 ચૂકવ્યા.

8 'શિવમ્' ટ્રેડર્સમાંથી ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. લારીભાડાના ₹ 50 રોકડા ચૂકવ્યા.

10 ઘરભાડું ₹ 7000 રોકડેથી ચૂકવ્યું અને જિંદગીના વીમાનું પ્રીમિયમ ₹ 1200 ચેકથી ભર્યું.

12 આકાશ ટ્રેડર્સને ₹ 5000નો માલ 10 % વેપારી વટાવે અને જો 10 દિવસમાં નાણાં ચૂકવે તો 10 % રોકડ વટાવની શરતે વેચ્યો.

15 આકાશ ટ્રેડર્સે તા. 12ના વ્યવહારનાં અડધાં નાણાં ચેકથી ચૂકવ્યા.

18 આકાશ ટ્રેડર્સે ₹ 700નો માલ આપણને પરત કર્યો.

20 બૅન્ક ઑફ બરોડામાંથી દુકાન ખર્ચ માટે ₹ 2000 રોકડા ઉપાડ્યા.

21 અમર ટ્રેડર્સમાંથી ₹ 6000નો માલ 10 % વેપારી વટાવ અને 5 % રોકડ વટાવે ખરીદ્યો. અડધા નાણાં રોકડા ચૂકવ્યા.

24 ₹ 500નો માલ મહિલા વિકાસગૃહમાં ધર્માદામાં આપ્યો.

25 નમૂના તરીકે ₹ 750નો માલ મફત વહેંચ્યો.

26 વિકાસ એજન્સીનો ₹ 3000નો માલ મોકલવાનો ઑર્ડર આપ્યો.

28 ધંધાના માલિક ₹ 2000નો માલ તથા પુત્રની ટ્યૂશન ફી ભરવા માટે ₹ 800 રોકડા ધંધામાંથી લઈ ગયા.

31 પ્રજ્ઞાની 8 ટકાની લોન પર ત્રણ માસનું વ્યાજ ચૂકવ્યું.

**શ્રી ઓમકાર ટ્રેડર્સની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| ઑક્ટો 1. | રોકડ ખાતે ઉ | | 60,000 | |
| | ફર્નિચર ખાતે ઉ | | 10,000 | |
| | માલ સ્ટૉક ખાતે ઉ | | 8000 | |
| | તે પ્રજ્ઞાની લોન ખાતે | | | 20,000 |
| | તે મૂડી ખાતે | | | 58,000 |
| | [બા.જે. : ₹ 40,000 રોકડ, ₹ 10,000 ફર્નિચર, ₹ 8000નો માલ સ્ટૉક અને ₹ 20,000 8 ટકાની પ્રજ્ઞાની લોન લઈ ધંધો શરૂ કર્યો તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2 | પરચૂરણ ખર્ચ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 3500 પેઢીના મૂહુર્ત વખતે થયેલ ખર્ચના ચૂકવ્યા તેના.] | | 3500 | <br>3500 |
| 3 | બૅન્ક ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 25,000 બૅન્કમાં રોકડા ભરી ખાતું ખોલાવ્યું તેના.] | | 25,000 | <br>25,000 |
| 4 | ડેડસ્ટૉક ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 4000નો ઇલેક્ટ્રોનિક વજન કાંટો ખરીદ્યો તેના.] | | 4000 | <br>4000 |
| 5 | યંત્ર ખાતે ઉ<br>તે નવકાર ટ્રેડર્સ ખાતે<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 5000નું શાખ પર યંત્ર ખરીદી અને ગોઠવણી ખર્ચના ₹ 500 ચૂકવ્યા તેના.] | | 5500 | <br>5000<br>500 |
| 8 | ખરીદ ખાતે ઉ<br>લારીભાડા ખાતે ઉ<br>તે શિવમ્ ટ્રેડર્સ ખાતે<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદી અને ₹ 50 લારીભાડાનાં રોકડા ચૂકવ્યા તેના.] | | 9000<br>50 | <br><br>9000<br>50 |
| 10 | ઉપાડ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>તે બૅન્ક ખાતે<br>[બા.જે. : ₹ 7000 ઘરભાડું રોકડેથી તથા ₹ 1200 જીવન વીમાનું પ્રીમિયમ ચેકથી ચૂકવ્યું તેના.] | | 8200 | <br>7000<br>1200 |
| 12 | આકાશ ટ્રેડર્સ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>[બા.જે. : ₹ 5000નો માલ આકાશ ટ્રેડર્સને 10 % વેપારી વટાવે વેચ્યો તેના.] | | 4500 | <br>4500 |
| 15 | બૅન્ક ખાતે ઉ<br>વટાવ ખાતે ઉ<br>તે આકાશ ટ્રેડર્સ ખાતે<br>[બા.જે. : આકાશ ટ્રેડર્સે અડધા નાણાં ₹ 2250 પેટે ₹ 2025નો ચેક આપ્યો અને 10 % વટાવ આપ્યો.] | | 2025<br>225 | <br><br>2250 |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 18 | વેચાણમાલ પરત ખાતે ઉ | | 700 | |
| | તે આકાશ ટ્રેડર્સ ખાતે | | | 700 |
| | [બા.જે. : ₹ 700નો માલ આકાશ ટ્રેડર્સે પરત કર્યો તેના.] | | | |
| 20 | રોકડ ખાતે ઉ | | 2000 | |
| | તે બૅન્ક ખાતે | | | 2000 |
| | [બા.જે. : ₹ 2000 દુકાન ખર્ચ માટે બૅન્કમાંથી ઉપાડ્યા તેના.] | | | |
| 21 | ખરીદ ખાતે ઉ | | 5400 | |
| | તે રોકડ ખાતે | | | 2565 |
| | તે મળેલ વટાવ ખાતે | | | 135 |
| | તે અમર ટ્રેડર્સ ખાતે | | | 2700 |
| | [બા.જે. : ₹ 6000નો માલ 10 % વેપારીવટાવ અને 5 % રોકડવટાવે અમર ટ્રેડર્સ પાસેથી માલ ખરીદ્યો અડધા નાણાં રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| 24 | ધર્માદા ખર્ચ ખાતે ઉ | | 500 | |
| | તે ખરીદ ખાતે | | | 500 |
| | [બા.જે. : ₹ 500નો માલ ધર્માદામાં આપ્યો તેના.] | | | |
| 25 | જાહેરાત ખર્ચ ખાતે ઉ | | 750 | |
| | તે ખરીદ ખાતે | | | 750 |
| | [બા.જે. : ₹ 750નો માલ જાહેરાત માટે મફતમાં વહેંચ્યો તેના.] | | | |
| 26 | બિનઆર્થિક વ્યવહાર છે. નોંધ થશે નહિ. | | | |
| 28 | ઉપાડ ખાતે ઉ | | 2800 | |
| | તે ખરીદ ખાતે | | | 2000 |
| | તે રોકડ ખાતે | | | 800 |
| | [બા.જે. : ₹ 2000નો માલ અંગત વપરાશ માટે તથા ₹ 800 અંગત ઉપયોગ માટે રોકડ લઈ ગયા તેના.] | | | |
| 31 | લોનના વ્યાજ ખાતે ઉ | | 400 | |
| | તે રોકડ ખાતે | | | 400 |
| | [બા.જે. : ₹ 20,000ની 8 % પ્રજ્ઞાની લોન પર ત્રણ માસનું વ્યાજ ₹ 400 ચૂકવ્યું તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **1,52,550** | **1,52,550** |

**વ્યવહારોની ટૂંકી સમજૂતી :**

ઑક્ટો. 1 ધંધામાં આવતી કુલ મિલકતો : રોકડ ₹ 60,000, ફર્નિચર ₹ 10,000 અને માલસ્ટોક ₹ 8000 = કુલ મિલકતો ₹ 78,000. આ મિલકતો સાથે લીધેલી લોન ₹ 20,000.

∴ બાકીની મિલકતો ₹ 58,000 ની માલિકની કહેવાય જે તેની મૂડી દર્શાવેલ છે.

4 ધંધા માટે ખરીદેલ તોલમાપનાં સાધનો ડેડસ્ટૉક ખાતે લખાય છે.

5 યંત્ર ગોઠવણીની મજૂરી યંત્રની કિંમતમાં ઉમેરી યંત્ર ખાતે ઉધારાય છે.

8 માલની કુલ કિંમતમાંથી 10 % રોકડવટાવ બાદ કરી ચોખ્ખી રકમની નોંધ કરેલ છે.

15 આ વ્યવહારમાં ₹ 5000ના માલના વેપારી વટાવના ₹ 500 બાદ કરતાં ₹ 4500 ચોખ્ખી રકમ મળે તેમાંથી અડધી રકમ ₹ 2250ના 10 % રોકડવટાવ ₹ 225 વટાવ ખાતે ઉધારેલ છે.

20 આ વ્યવહારમાં દુકાન ખર્ચ માટે રોકડા ઉપાડ્યા છે. ખર્ચ થયો નથી તેથી રોકડ ખાતે ઉધાર કરેલ છે.

28 ધંધાનો માલિક અંગત વપરાશ માટે માલ તથા રોકડ લઈ જાય છે, તેથી ઉપાડ ખાતે ઉધારેલ છે.

31 આ વ્યવહારમાં લોનનું વ્યાજ નીચે મુજબ ગણેલ છે :

| ₹નું | માસનું | ₹ વ્યાજ |
|---|---|---|
| 100 | 12 | 8 |
| 20,000 | 3 | ? |

$= \frac{20,000 \times 3 \times 8}{100 \times 12}$

= ₹ 400 વ્યાજ મળશે.

**ઉદાહરણ 12 :** નીચેના વ્યવહારો પરથી શ્રી રાજવીરના ચોપડામાં આમનોંધ લખો.

2014

ઑગસ્ટ 1 ₹ 50,000 રોકડા, ₹ 25,000નાં લેણાં, ₹ 10,000નાં દેવાં અને ₹ 15,000નો માલ સ્ટૉક ધંધામાં લાવી વેપાર શરૂ કર્યો.

2 શ્રીમતી પાસેથી ₹ 30,000ની લોન 10 % વ્યાજે લીધી.

3 જયવીર પાસેથી ₹ 20,000માં લેપટોપ રોકડેથી ખરીદ્યું તથા અન્ય ખર્ચનાં ₹ 500 ચૂકવ્યા.

4 દેના બૅન્કમાં ₹ 15,000 ભરી ખાતું ખોલાવ્યું.

5 રૉયલ સ્ટોર્સ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે શાખ પર ખરીદ્યો. તેમણે આપણા વતી રેલવેનૂરના ₹ 2000 અને મજૂરીનાં ₹ 1000 ચૂકવ્યા.

6 રૉયલ સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલ પૈકી ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારી વટાવે ભગવતીને વેચ્યો. તેમના વતી આપણે રેલવેનૂરના ₹ 1000 અને મજૂરીનાં ₹ 500 ચૂકવ્યા.

7 ₹ 50,000નો માલ કૃતિ પાસેથી 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે ખરીદ્યો. અડધાં નાણાં ચેકથી ચૂકવ્યા.

8 ભગવતીને વેચેલ માલ પૈકી ₹ 540નો માલ પરત આવ્યો, જે આપણે રૉયલ સ્ટોર્સને પરત કર્યો.

9 નિરાલીને ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે વેચ્યો, અડધી રકમ રોકડમાં મળી.

10 ભૌતિકને ₹ 20,000નો માલ 30 % નફો ચઢાવી 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે (જો 10 દિવસમાં નાણાં ચૂકવે તો) વેચ્યો.

11 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ ₹ 1500 ચૂકવ્યું.

12 અંગત ડિવિડન્ડ ₹ 800 મળ્યું, જે ધંધાના બૅન્ક ખાતામાં ભર્યું.

13 નિરાલીએ (તા. 9ના વેચાણ પૈકીનો) ₹ 650નો માલ પરત કર્યો.

14 મફત નમૂના તરીકે ₹ 400નો માલ મળ્યો તે માલ ગ્રાહકોને જાહેરાત માટે મફત વહેંચ્યો.

15 ભૌતિક પાસેથી અડધી રકમનો ચેક મળ્યો અને રોકડ વટાવ કાપી આપ્યો.

16 નિરાલીએ પરત કરેલ (તા. 13નો) માલ કૃતિને મોકલી આપ્યો.

17 ₹ 7000નું યંત્ર ખરીદ્યું અને યંત્ર ગોઠવણીની મજૂરીનાં ₹ 500 રોકડા ચૂકવ્યા.

18 નમૂના તરીકે ₹ 300નો માલ મફત મળ્યો.

19 રૉયલ સ્ટોર્સને ₹ 100 વટાવ કાપી ચૂકતેના હિસાબે ચેક આપ્યો.

20 નિરાલીએ ₹ 50 કસર કાપી હિસાબ ચૂકતે કર્યો.

21 ભૌતિકે હિસાબ પેટે ₹ 5000 રોકડા અને બાકીની રકમનો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

22 ₹ 4000નો માલ આગમાં નાશ પામ્યો જેનો વીમા કંપનીએ ₹ 3000નો દાવો મંજૂર કર્યો. નાશ પામેલ માલના વેચાણની ₹ 200 ઊપજ મળી.

23 વેચાણકિંમત પર 20 % નફો મળે તે રીતે ₹ 5000ની મૂળકિંમતનો માલ રોકડેથી વેચ્યો.

24 શ્રીમતીની લોન પર એક માસનું વ્યાજ ચૂકવ્યું.

25 રેલવે અકસ્માતમાં ₹ 2500નો માલ નાશ પામ્યો.

26 અદાણી પાવર લિ.ના 50 શૅર ₹ 300ના શૅર દીઠ બજારભાવે ખરીદ્યા અને 2 % દલાલી સહિતનાં નાણાં ચેકથી ચૂકવ્યા.

27 ₹ 2500નું ધંધાનું કમ્પ્યૂટર ₹ 1000માં કરુણાને વેચ્યું.

28 પેઢીનું વીજળી બિલ ₹ 1800 અને ટેલિફોન બિલ ₹ 700 ચેકથી ચૂકવ્યું.

29 બૅન્કે વ્યાજના ₹ 200 જમા કર્યા છે તથા ₹ 100 બૅન્ક ચાર્જિસના ઉધાર કર્યા છે.

30 ₹ 500નો માલ ચોરાઈ ગયો અને ₹ 200નો માલ વરસાદમાં પલળી ગયો.

31 ₹ 1000ના છૂટા લીધા, જેમાં ₹ 100ની એક નોટ ખોટી આવી ગઈ, જેનું બજારમાં કશું ઊપજે તેમ નથી.

**શ્રી રાજવીરની આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2014 | | | | | |
| ઑગસ્ટ 1 | રોકડ ખાતે | ઉ | | 50,000 | |
| | દેવાદારો ખાતે | ઉ | | 25,000 | |
| | માલ સ્ટૉક ખાતે | ઉ | | 15,000 | |
| | તે લેણદારો ખાતે | | | | 10,000 |
| | તે મૂડી ખાતે | | | | 80,000 |
| | [બા.જે. : ₹ 50,000 રોકડ, ₹ 25,000 લેણાં, ₹ 15,000નો માલ સ્ટૉક અને ₹ 10,000નાં દેવા લાવી ધંધો શરૂ કર્યો તેના.] | | | | |
| 2 | રોકડ ખાતે | ઉ | | 30,000 | |
| | તે શ્રીમતીની લોન ખાતે | | | | 30,000 |
| | [બા.જે. : ₹ 30,000ની શ્રીમતી પાસેથી 10 ટકાની લોન લીધી તેના.] | | | | |
| 3 | લેપટોપ (મિલકત) ખાતે | ઉ | | 20,500 | |
| | તે રોકડ ખાતે | | | | 20,500 |
| | [બા.જે. : ₹ 20,000નું લેપટોપ ખરીદ્યું અને અન્ય ખર્ચ ₹ 500 ચૂકવ્યો તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 4 | બૅન્ક ખાતે ઉ | | 15,000 | |
| | તે રોકડ ખાતે | | | 15,000 |
| | [બા.જે. : ₹ 15,000 રોકડા ભરી દેના બૅન્કમાં ખાતું ખોલાવ્યું તેના.] | | | |
| 5 | ખરીદ ખાતે ઉ | | 27,000 | |
| | રેલવેનૂર ખાતે ઉ | | 2000 | |
| | મજૂરી ખાતે ઉ | | 1000 | |
| | તે રૉયલ સ્ટોર્સ ખાતે | | | 30,000 |
| | [બા.જે. : રૉયલ સ્ટોર્સમાંથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે શાખ પર ખરીદ્યો. તેમણે આપણા વતી રેલવેનૂર અને મજૂરીના ચૂકવ્યા તેના.] | | | |
| 6 | ભગવતી ખાતે ઉ | | 17,700 | |
| | તે વેચાણ ખાતે | | | 16,200 |
| | તે રોકડ ખાતે | | | 1500 |
| | [બા.જે. : ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવીને 10 % વેપારી વટાવે શાખ પર વેચ્યો અને તેમના વતી રેલવેનૂર અને મજૂરીના ચૂકવ્યા તેના.] | | | |
| 7 | ખરીદ ખાતે ઉ | | 45,000 | |
| | તે કૃતિ ખાતે | | | 22,500 |
| | તે બૅન્ક ખાતે | | | 20,250 |
| | તે મળેલ વટાવ ખાતે | | | 2250 |
| | [બા.જે. : ₹ 50,000નો માલ કૃતિ પાસેથી 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે ખરીદી અડધી રકમનો ચેક આપ્યો તેના.] | | | |
| 8 | વેચાણમાલ પરત ખાતે ઉ | | 540 | |
| | તે ભગવતી ખાતે | | | 540 |
| | [બા.જે. : ભગવતીને વેચેલ માલ પૈકી ₹ 540નો માલ પરત મળ્યો તેના.] | | | |
| 8 | રૉયલ સ્ટોર્સ ખાતે ઉ | | 500 | |
| | તે ખરીદમાલ પરત ખાતે | | | 500 |
| | [બા.જે. : ભગવતીએ પરત કરેલ માલ આપણે રૉયલ સ્ટોર્સને પરત કર્યો ₹ 500 મૂ.કિં.નો તેના.] | | | |
| 9 | નિરાલી ખાતે ઉ | | 8100 | |
| | રોકડ ખાતે ઉ | | 7290 | |
| | વટાવ ખાતે ઉ | | 810 | |
| | તે વેચાણ ખાતે | | | 16,200 |
| | [બા.જે. : નિરાલીને ₹ 15,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારીવટાવ તથા 10 % રોકડવટાવે વેચ્યો જે પેટે અડધી રકમ રોકડમાં મળી તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 10 | ભૌતિક ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>[બા.જે. : ₹ 20,000નો માલ 30 % નફો ચઢાવી 10 % વેપારીવટાવે વેચ્યો તેના.] | | 23,400 | <br>23,400 |
| 11 | જાહેરાત ખર્ચ ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 1500 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ ચૂકવ્યું તેના.] | | 1500 | <br>1500 |
| 12 | બૅન્ક ખાતે ઉ<br>તે મૂડી ખાતે<br>[બા.જે. : અંગત ડિવિડન્ડ ₹ 800 જે ધંધાના બૅન્ક ખાતામાં ભર્યું તેના.] | | 800 | <br>800 |
| 13 | વેચાણમાલ પરત ખાતે ઉ<br>તે નિરાલી ખાતે<br>[બા.જે. : તા. 9ના વેચાણ પૈકીનો ₹ 650નો માલ નિરાલીએ પરત કર્યો તેના.] | | 650 | <br>650 |
| 14 | બિનઆર્થિક વ્યવહાર છે. | | | |
| 15 | બૅન્ક ખાતે ઉ<br>વટાવ ખાતે ઉ<br>તે ભૌતિક ખાતે<br>[બા.જે. : ₹ 23,400નાં લેણાં પેટે ભૌતિક પાસેથી અડધી રકમનો ₹ 10,530નો ચેક મળ્યો અને ₹ 1170 વટાવ કાપી આપ્યો તેના.] | | 10,530<br>1170 | <br><br>11,700 |
| 16 | કૃતિ ખાતે ઉ<br>તે ખરીદમાલ પરત ખાતે<br>[બા.જે. : નિરાલીએ પરત કરેલ માલ ₹ 602નો મૂળકિંમતે કૃતિને પરત કર્યો તેના.] | | 602 | <br>602 |
| 17 | યંત્ર ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 7000નું યંત્ર ખરીદી યંત્ર ગોઠવણીના ₹ 500 સહિત રોકડા ચૂકવ્યા તેના.] | | 7500 | <br>7500 |
| 18 | બિનઆર્થિક વ્યવહાર છે. | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 19 | રૉયલ સ્ટોર્સ ખાતે | ઉ | | 29,500 | |
| | તે બૅન્ક ખાતે | | | | 29,400 |
| | તે વટાવ ખાતે | | | | 100 |
| | [બા.જે. : ₹ 29,500નાં દેવા પેટે રૉયલ સ્ટોર્સને ₹ 100 કાપી ચૂકતે હિસાબે ચેક આપ્યો તેના.] | | | | |
| 20 | રોકડ ખાતે | ઉ | | 7400 | |
| | વટાવ ખાતે | ઉ | | 50 | |
| | તે નિરાલી ખાતે | | | | 7450 |
| | [બા.જે. : નિરાલીએ ₹ 50 કસર કાપી હિસાબ ચૂકતે કર્યો તેના.] | | | | |
| 21 | રોકડ ખાતે | ઉ | | 5000 | |
| | બૅન્ક ખાતે | ઉ | | 6700 | |
| | તે ભૌતિક ખાતે | | | | 11,700 |
| | [બા.જે. : ₹ 11,700નાં લેણાં પેટે ભૌતિકે ₹ 5000 રોકડા તથા બાકીની રકમનો ₹ 6700નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો તેના.] | | | | |
| 22 | વીમાકંપની ખાતે | ઉ | | 3000 | |
| | રોકડ ખાતે | ઉ | | 200 | |
| | આગથી થયેલ નુકસાન ખાતે | ઉ | | 800 | |
| | તે ખરીદ ખાતે | | | | 4000 |
| | [બા.જે. : ₹ 4000નો માલ આગથી નાશ પામ્યો, જે પેટે વીમાકંપનીએ ₹ 3000 દાવો મંજૂર કર્યો તેમજ ભંગાર વેચાણના ₹ 200 ઊપજ્યા અને તફાવતની રકમ ₹ 800નું નુકસાન થયું તેના.] | | | | |
| 23 | રોકડ ખાતે | ઉ | | 6250 | |
| | તે વેચાણ ખાતે | | | | 6250 |
| | [બા.જે. : વેચાણકિંમત પર 20 % નફો મળે તે રીતે ₹ 5000નો માલ રોકડેથી વેચ્યો તેના.] | | | | |
| 24 | લોનના વ્યાજ ખાતે | ઉ | | 250 | |
| | તે રોકડ ખાતે | | | | 250 |
| | [બા.જે. : લોન પર એક માસનું વ્યાજ ₹ 250 ચૂકવ્યું તેના.] | | | | |
| 25 | અકસ્માતથી થયેલ નુકસાન ખાતે | ઉ | | 2500 | |
| | તે ખરીદ ખાતે | | | | 2500 |
| | [બા.જે. : ₹ 2500નો માલ રેલવે અકસ્માતમાં નાશ પામ્યો તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 26 | અદાણી પાવર લિ. શૅરના રોકાણ ખાતે ઉ<br>તે બૅન્ક ખાતે<br>[બા.જે. : ₹ 300ના ભાવનાં 50 શૅર ખરીદ્યા, 2 % દલાલી સહિત ચેકથી નાણાં ચૂકવ્યા તેના.] | | 15,300 | <br>15,300 |
| 27 | કરુણા ખાતે ઉ<br>કમ્પ્યૂટર વેચાણના નુકસાન ખાતે ઉ<br>તે કમ્પ્યૂટર ખાતે<br>[બા.જે. : ₹ 1000માં કરુણાને કમ્પ્યૂટર વેચી ₹ 1500 નુકસાન ઉધાર કર્યું તેના.] | | 1000<br>1500 | <br><br>2500 |
| 28 | વીજળી ખર્ચ ખાતે ઉ<br>ટેલિફોન ખર્ચ ખાતે ઉ<br>તે બૅન્ક ખાતે<br>[બા.જે. : ₹ 1800 વીજળી બિલ તથા ₹ 700 ટેલિફોન બિલ ચેકથી ચૂકવ્યું તેના.] | | 1800<br>700 | <br><br>2500 |
| 29 | બૅન્ક ખાતે ઉ<br>તે બૅન્ક વ્યાજ ખાતે<br>[બા.જે. : ₹ 200 બૅન્કે વ્યાજના જમા કર્યા તેના.] | | 200 | <br>200 |
| 29 | બૅન્ક ચાર્જિસ ખાતે ઉ<br>તે બૅન્ક ખાતે<br>[બા.જે. : ₹ 100 બૅન્કે બૅન્કચાર્જિસના ઉધાર કર્યા તેના.] | | 100 | <br>100 |
| 30 | ચોરીથી થયેલ નુકસાન ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 500નો માલ ચોરાઈ ગયો તેનાં.] | | 500 | <br>500 |
| 30 | વરસાદથી થયેલ નુકસાન ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 200નો માલ વરસાદમાં પલળી ગયો તેના.] | | 200 | <br>200 |
| 31 | પરચૂરણ નુકસાન ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : ₹ 1000નાં છૂટા લેતાં ₹ 100ની એક નોટ બનાવટી નીકળી તેના.] | | 100 | <br>100 |
| | **કુલ સરવાળો** | | **3,94,642** | **3,94,642** |

**વિશિષ્ટ વ્યવહારોની સમજૂતી નીચે મુજબ છે :**

ઑગસ્ટ 1 ₹ 50,000 રોકડા + ₹ 25,000 દેવાદારો + ₹ 5000 માલ સ્ટૉક − ₹ 10,000 લેણદારો = ₹ 80,000 મૂડીની રકમ

5 રૉયલ સ્ટોર્સ પાસેથી ₹ 30,000ના માલમાંથી 10 % વેપારી વટાવ બાદ કરતાં ₹ 27,000ની ચોખ્ખી રકમ ખરીદ ખાતે ઉધાર કરી, રૉયલ સ્ટોર્સ ખાતે જમા કરેલ છે.

6 ભગવતીને વેચેલ માલની ગણતરી :

₹ 15,000ના માલ પર 20 % નફો ચઢાવતાં ધારો કે,

| ₹ મૂ.કિ. | ₹ નફો |
|---|---|
| 100 | 20 |
| 15,000 | ? |

$= \frac{15,000 \times 20}{100}$

= ₹ 3000 નફો

વેચાણકિંમત = ₹ 15,000 + ₹ 3000

= ₹ 18,000

હવે વેચાણકિંમત પર 10 % વેપારીવટાવ બાદ કરતાં

ચોખ્ખી રકમ = ₹ 18,000 − ₹ 1800

= ₹ 16,200 વેચાણકિંમત

7 કૃતિ પાસેથી ખરીદેલ માલની ગણતરી :

| | | |
|---|---|---|
| ₹ | 50,000 | કુલ કિંમત |
| − ₹ | 5000 | 10 % વેપારીવટાવ |
| ₹ | 45,000 | ચોખ્ખી કિંમત |
| − ₹ | 22,500 | અડધી રકમ ચૂકવતાં |
| ₹ | 22,500 | ના 10 % રોકડવટાવ (ચૂકવેલ અડધી રકમ) |
| − ₹ | 2250 | રોકડ વટાવ |
| ₹ | 20,250 | નો ચેક આપેલ છે. |

8 ભગવતીએ પરત કરેલ માલની ગણતરી :

ભગવતીને વેચેલો માલ ₹ 540 પરત આવેલ છે. જે વેચાણમાલ પરત ખાતે ઉધાર કરી, ભગવતી ખાતે જમા કરેલ છે. આ માલ આપણે રૉયલ સ્ટોર્સને મૂળકિંમતે પરત કરવો પડે, જેની ગણતરી નીચે મુજબ છે :

ધારો કે ₹ 100ની મૂ.કિં.નો માલ હોય તો ₹ 20 નફો ઉમેરતાં વેચાણકિંમત ₹ 120 મળે, તેમાંથી 10 % લેખે વેપારીવટાવ ₹ 12 બાદ કરતાં ₹ 108 વેચાણકિંમત મળશે. હવે ત્રિરાશી મૂકતાં...

| પરત આવેલ માલ | મૂ.કિંમત |
|---|---|
| ₹ 108 | ₹ 100 |
| ₹ 540 | ? |

$= \frac{540 \times 100}{108}$

= ₹ 500 મૂળકિંમત ગણાય. તા. 8ની આમનોંધ જુઓ.

9 નિરાલીને વેચેલ માલની ગણતરી :

₹ 15,000 માલની કિંમત + 20 % નફો ₹ 3000 = ₹ 18,000 વેચાણકિંમત જેમાંથી 10 % વેપારીવટાવ ₹ 1800 બાદ કરતાં ₹ 16,200 જેમાંથી અડધી રકમ ₹ 8100 ચૂકવાય છે. તેથી તે રકમનાં 10 % લેખે રોકડવટાવ ₹ 810 બાદ કરતાં બાકીની રકમ ₹ 7290 રોકડ રકમ ગણેલ છે. તા. 9ની આમનોંધ જુઓ.

10 ભૌતિકને વેચેલ માલની ગણતરી :

| | | |
|---|---|---|
| ₹ | 20,000 | કુલ કિંમત |
| + ₹ | 6000 | 30 % નફો $(\frac{20000 \times 30}{100})$ |
| ₹ | 26,000 | વેચાણકિંમત |
| − ₹ | 2600 | 10% વેપારીવટાવ |
| ₹ | 23,400 | ચોખ્ખી વેચાણકિંમત |

12 અંગત ડિવિડન્ડની રકમ ધંધાના બૅન્ક ખાતામાં ભરતાં મૂડી લાવ્યા ગણાય, તેથી મૂડી ખાતે રકમ જમા કરેલ છે.

13 નિરાલીએ ₹ 650નો માલ પરત કરેલ છે, જે વેચાણમાલ પરત ગણાય.

15 ભૌતિકને વેચેલ માલનો હિસાબ :

તા. 10ના વ્યવહાર મુજબ વેચેલ માલ ₹ 23,400 છે. જેમાંથી અડધી રકમ મળે તો ₹ 11,700 મળવાપાત્ર થાય. તેના પર શરત મુજબ 10 % રોકડવટાવ $\frac{11700 \times 10}{100}$ = ₹ 1170 બાદ કરતાં ₹ 10,530નો ચેક મળેલ છે. તા. 15ની આમનોંધ તપાસો.

16 નિરાલીએ ₹ 650નો માલ પરત કરેલ છે, જેમાં 20 % નફો સમાયેલ છે. તેથી તેની મૂળકિંમત નીચે મુજબ શોધાશે. ધારો કે ₹ 100નાં માલ પર 20 % નફો ચઢાવતાં ₹ 120 વેચાણકિંમત થાય, જેમાંથી 10 % વેપારીવટાવ બાદ કરતાં (₹ 120 − ₹ 12) = ₹ 108 ચોખ્ખી રકમ મળે.

| પરત આવેલ માલ | મૂળકિંમત |
|---|---|
| ₹ 108 | ₹ 100 |
| ₹ 650 | ? |

$= \frac{650 \times 100}{108}$ = ₹ 601.85

∵ ₹ 602 મૂ.કિં. ગણવી, તા. 16ની આમનોંધ જુઓ.

17 યંત્રની કિંમત ₹ 7000 તથા યંત્ર ગોઠવણીની મજૂરીનાં ₹ 500 = ₹ 7500 રોકડા ચૂકવેલ છે.

19 રૉયલ સ્ટોર્સનો હિસાબ :

| | | |
|---|---|---|
| તા. 5 મુજબ ખરીદેલ માલ | ₹ | 30,000 |
| બાદ : પરત કરેલ માલ (તા. 8 ભગવતીનો વ્યવહાર) | ₹ | 500 |
| ચૂકવવા પાત્ર રકમ | ₹ | 29,500 |
| બાદ : વટાવ | ₹ | 100 |
| ચૂકવેલ રકમનો ચેક | ₹ | 29,400 |

20 નિરાલીનો હિસાબ :

| | | |
|---|---|---|
| તા. 9ના રોજ વેચેલ માલની બાકી રકમ | ₹ | 8100 |
| બાદ : તા. 13નો વ્યવહાર માલ પરત | ₹ | 650 |
| મળવાપાત્ર બાકી રકમ | ₹ | 7450 |
| બાદ : કસર | ₹ | 50 |
| ચૂકતે હિસાબે મળેલ રકમ | ₹ | 7400 |

21 ભૌતિકનો હિસાબ :

| | | |
|---|---|---|
| તા. 10ના રોજ વેચેલ માલ | ₹ | 23,400 |
| બાદ : અડધાનાં નાણાં મળ્યા તા. 15 | ₹ | 11,700 |
| મળવાપાત્ર બાકી રકમ | ₹ | 11,700 |

**નોંધ :** મુદત વીત્યા પછી ભૌતિક નાણાં ચૂકવતો હોવાથી રોકડ વટાવનો લાભ મળશે નહિ. અહીં ₹ 5000 રોકડા અને બાકીની રકમ ₹ 6700નો ચેક મળેલ છે.

22 આગથી ₹ 4000નો માલ નાશ પામ્યો. જે પેટે વીમા કંપનીએ ₹ 3000નો દાવો મંજૂર કર્યો અને માલ વેચાણની ઊપજ ₹ 200 મળી કુલ ઊપજ ₹ 3200 થાય છે. તેથી તફાવતની રકમ ₹ 800નું નુકસાન ગણી, આગથી થયેલ નુકસાન ખાતે ઉધારેલ છે.

23 વેચાણકિંમત પર 20 % નફો મળે તે રીતે માલનું વેચાણ કરવું છે. ધારો કે વેચાણકિંમત ₹ 100 હોય, તેના પર 20 % નફો મળે છે. તેથી મૂ.કિં. = વે.કિં. – નફો (100 – 20) = ₹ 80 થશે. હવે,

| ₹ મૂ.કિં. | ₹ વે.કિં. |
|---|---|
| 80 | 100 |
| 5000 | ? |

$= \frac{5000 \times 100}{80}$ = ₹ 6250 વેચાણકિંમત મળશે.

24 શ્રીમતીની લોન પર વ્યાજની ગણતરી :

| રૂપિયાનું | માસનું | ₹ વ્યાજ |
|---|---|---|
| 100 | 12 | 10 |
| 30,000 | 1 | ? |

$= \frac{30,000 \times 1 \times 10}{100 \times 12}$ = ₹ 250 વ્યાજ થશે.

26 અદાણી પાવર લિ.ના શૅર રોકાણની રકમ :

| | |
|---|---|
| શૅર નંગ 50 × શૅરદીઠ ભાવ ₹ 300 | = ₹ 15,000 |
| + શૅરદલાલી 2 % ($\frac{15,000 \times 2}{100}$) | = ₹ 300 |
| ચેકથી ચૂકવેલ રકમ | = ₹ 15,300 |

29 બૅન્કે વ્યાજના જમા કરેલ છે, તે ધંધાની ઊપજ ગણાય અને બૅન્ક ચાર્જિસ ધંધા માટે ખર્ચ ગણાય છે.

31 ₹ 1000ના છૂટા લીધા જેમાં ₹ 100ની એક નોટ ખોટી હોવાથી ધંધાનું પરચૂરણ નુકસાન ગણી પરચૂરણ નુકસાન ખાતે ઉધારેલ છે અને રોકડ ધંધામાંથી જાય છે, માટે રોકડ ખાતે જમા કરેલ છે.

## 13. વસેક સહિતના વ્યવહારો (Transactions with GST)

પ્રકરણ 3માં વસ્તુઓ અને સેવાઓ કર (વસેક) અંગેની માહિતી મેળવવામાં આવી છે.

વસેકની ધંધાના વ્યવહારોમાં કયા પ્રકારની હિસાબી અસરો થાય તે અંગેનાં ઉદાહરણો દ્વારા સમજૂતી આપવામાં આવેલ છે. આ કર હેઠળ વસ્તુઓ અને સેવાઓ બંનેનો સમાવેશ કરવામાં આવેલ છે, તેથી વસેકની ગણતરી અને હિસાબી અસરો અહીં સમજાવવામાં આવેલ છે.

વસેકની અસરો સમજાવવા માટે વ્યવહારોનું નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવેલ છે :

(1) વસેક (GST) સાથેના માલ અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 13)

(2) વસેક (GST) સાથેના ઉપજ-ખર્ચ અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 14)

(3) વસેક (GST) સાથેના મિલકત અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 15)

(4) વસેક (GST) સાથેના સંયુક્ત વ્યવહારો (ઉદાહરણ નં. 16, 17)

(5) વસેક (GST)ની હિસાબી પતાવટ અંગેના વ્યવહારો (ઉદાહરણ નં. 18, 19)

> **નોંધ :** આ પુસ્તકમાં ઉદાહરણ અને સ્વાધ્યાયમાં આપવામાં આવેલ વસેકનાં દર સૈદ્ધાંતિક સમજૂતી માટે આપવામાં આવેલ છે. વસેકનાં વાસ્તવિક દર જુદા હોઈ શકે.

### (1) વસેક (GST) સાથેના માલ અંગેના વ્યવહારો :

**ઉદા.13 :** નીચેના વ્યવહારો પરથી અમદાવાદના શ્રી અશ્વિન પટેલના ચોપડે જાન્યુઆરી, 2019ની આમનોંધ લખો. શ્રી અશ્વિન પટેલનાં ધંધાના વ્યવહારોને કેન્દ્રીય વસેક (CGST) 6 % લેખે તેમજ રાજ્ય વસેક (SGST) 6 % લેખે લાગુ પડે છે. તેમજ સંકલિત વસેક (IGST) માટે 12 % દર લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

2019

જાન્યુ. 1 સુરતના સુરેશભાઈ પાસેથી ₹ 10,000નો માલ ખરીદ્યો. આપણે રેલવેનૂરના ₹ 2000 અને મજૂરીનાં ₹ 500 સહિતની રકમ ચેકથી ચૂકવી.

4 આણંદના અમૂલભાઈ પાસેથી ₹ 8000નો માલ ખરીદ્યો.

7 જયપુર (રાજસ્થાન)ના રાજેશભાઈ પાસેથી ₹ 15,000નો માલ ચેકથી ખરીદ્યો.

9 મુંબઈ (મહારાષ્ટ્ર)ના મનોજભાઈ પાસેથી ₹ 12,000નો માલ ખરીદ્યો.

10 આણંદના અમૂલભાઈને ₹ 2000નો માલ પરત કર્યો.

12 મુંબઈ (મહારાષ્ટ્ર)ના મનોજભાઈને ₹ 3000નો માલ પરત કર્યો.

15 કેશોદના કેવલભાઈને ₹ 15,000નો માલ ચેકથી વેચ્યો.

17 વલસાડના વિનોદભાઈને ₹ 20,000નો માલ વેચ્યો. તેમના વતી આપણે રેલવેનૂરના ₹ 1000 અને મજૂરીનાં ₹ 1000 રોકડા ચૂકવ્યા.

20 દિલ્હીના દિનેશભાઈને ₹ 12,000નો માલ ચેકથી વેચ્યો.

22 ભોપાલ (મધ્યપ્રદેશ)ના ભાવેશભાઈને ₹ 18,000નો માલ વેચ્યો.

25 વલસાડના વિનોદભાઈએ ₹ 2500ની મૂળકિંમતનો માલ પરત કર્યો. (અહીં, મૂળકિંમત એટલે વસેક સિવાયની માલની કિંમત ગણવી.)

31 ભોપાલ (મધ્યપ્રદેશ)ના ભાવેશભાઈએ ₹ 3000નો માલ પરત કર્યો.

**નોંધ :** જ્યારે પ્રશ્નમાં ધંધાના સ્થળ (location) અંગે ઉલ્લેખ ન હોય ત્યારે જે-તે વ્યવહાર જે-તે રાજ્યની અંદર થયો છે તેમ સમજીને CGST અને SGST ની ગણતરી કરવી. રાજ્ય બહારના વ્યવહારમાં સ્થળ અચૂક લખવું અને કૌંસમાં રાજ્યનો ઉલ્લેખ કરવો.

**શ્રી અશ્વિન પટેલની આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2019 | | | | | |
| જાન્યુ. 1 | ખરીદ ખાતે | ઉ | | 10,000 | |
| | રેલવેનૂર ખાતે | ઉ | | 2000 | |
| | મજૂરી ખાતે | ઉ | | 500 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 750 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 750 | |
| | તે બૅન્ક ખાતે | | | | 14,000 |
| | [બા.જે. : વસેક સાથે માલ ખરીદ્યો તેના.] | | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 4 | ખરીદ ખાતે | ઉ | | 8000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 480 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 480 | |
| | તે અમૂલભાઈ ખાતે | | | | 8960 |
| | [બા.જે. : વસેક સાથે માલ ખરીદ્યો તેના.] | | | | |
| 7 | ખરીદ ખાતે | ઉ | | 15,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 1800 | |
| | તે બૅન્ક ખાતે | | | | 16,800 |
| | [બા.જે. : વસેક સાથે માલ ચેકથી ખરીદ્યો તેના.] | | | | |
| 9 | ખરીદ ખાતે | ઉ | | 12,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 1440 | |
| | તે મનોજભાઈ ખાતે | | | | 13,440 |
| | [બા.જે. : વસેક સાથે માલ ઉધાર ખરીદ્યો તેના.] | | | | |
| 10 | અમૂલભાઈ ખાતે | ઉ | | 2240 | |
| | તે ખરીદમાલ પરત ખાતે | | | | 2000 |
| | તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 120 |
| | તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 120 |
| | [બા.જે. : ખરીદેલ માલ પરત કર્યો તેના.] | | | | |
| 12 | મનોજભાઈ ખાતે | ઉ | | 3360 | |
| | તે ખરીદમાલ પરત ખાતે | | | | 3000 |
| | તે આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | | 360 |
| | [બા.જે. : ખરીદેલ માલ વસેક સાથે પરત કર્યો તેના.] | | | | |
| 15 | બૅન્ક ખાતે | ઉ | | 16,800 | |
| | તે વેચાણ ખાતે | | | | 15,000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 900 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 900 |
| | [બા.જે. : વસેક સાથે માલ વેચ્યો તેના.] | | | | |
| 17 | વિનોદભાઈ ખાતે | ઉ | | 24,640 | |
| | તે વેચાણ ખાતે | | | | 20,000 |
| | તે રોકડ ખાતે | | | | 2000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 1320 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 1320 |
| | [બા.જે. : વસેક સાથે માલ વેચ્યો તેના.] | | | | |
| 20 | બૅન્ક ખાતે | ઉ | | 13,440 | |
| | તે વેચાણ ખાતે | | | | 12,000 |
| | તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | | 1440 |
| | [બા.જે. : વસેક સાથે માલ વેચ્યો તેના.] | | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 22 | ભાવેશભાઈ ખાતે | ઉ | | 20,160 | |
| | તે વેચાણ ખાતે | | | | 18,000 |
| | તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | | 2160 |
| | [બા.જે. : વસેક વસૂલ કરી રાજ્ય બહાર માલ વેચ્યો તેના.] | | | | |
| 25 | વેચાણ માલ પરત ખાતે | ઉ | | 2500 | |
| | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 150 | |
| | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 150 | |
| | તે વિનોદભાઈ ખાતે | | | | 2800 |
| | [બા.જે. : વસેક સાથે માલ પરત મળ્યો તેના.] | | | | |
| 31 | વેચાણ માલ પરત ખાતે | ઉ | | 3000 | |
| | જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 360 | |
| | તે ભાવેશભાઈ ખાતે | | | | 3360 |
| | [બા.જે. : વસેક સાથે માલ પરત મળ્યો તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **1,40,000** | **1,40,000** |

**નોંધ :** તારીખ 25ના રોજ વિનોદભાઈને વેચેલ માલ તેમના દ્વારા પરત કરવામાં આવેલ છે. આ અંગેની અશ્વિનભાઈ દ્વારા વિનોદભાઈને જમાચિઠ્ઠી આપવામાં આવશે. તેમજ વિનોદભાઈ દ્વારા અશ્વિનભાઈને ઉધારચિઠ્ઠી આપવામાં આવશે. તેના આધારે જે-તે જાવકપૂર્તિ વસેકની રકમ ઉધારી વિનોદભાઈ ખાતે જમા થશે.

### (2) વસેક (GST) સાથેના ઉપજ-ખર્ચ અંગેના વ્યવહારો :

**ઉદા.14 :** નીચેના વ્યવહારો પરથી શ્રેયા ટ્રેડિંગ – અમદાવાદના ચોપડે લીધેલ સેવાઓ અંગે આમનોંધ લખો.

શ્રેયા ટ્રેડિંગને કેન્દ્રીય વસેક (CGST) 2.5 % લેખે, રાજ્ય વસેક (SGST) 2.5 % લેખે તેમજ સંકલિત વસેક (IGST) 5 % લેખે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

2019

જાન્યુ. 1 ટ્રાન્સપૉર્ટ ખર્ચના ₹ 1800 ચેકથી ચૂકવ્યા.

4 આંગડિયા ખર્ચના ₹ 3000 ચૂકવ્યા.

8 વીમા-પ્રીમિયમ ₹ 4000 ચેકથી ચૂકવ્યા.

10 જાહેરાત ખર્ચના ₹ 6000 ચેકથી ચૂકવ્યા.

18 ભાડું ₹ 5000 ચેકથી મળ્યું.

20 મુંબઈ (મહારાષ્ટ્ર)માં રજિસ્ટર્ડ ઑફિસ ધરાવતી ટ્રાન્સપૉર્ટ કંપનીને આવકમાલ ગાડાભાડાના ₹ 8000 ચેકથી ચૂકવ્યા.

**શ્રેયા ટ્રેડિંગ - અમદાવાદના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2019 | | | | | |
| જાન્યુ. 1 | ટ્રાન્સપૉર્ટ ખર્ચ ખાતે | ઉ | | 1800 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 45 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 45 | |
| | તે બૅન્ક ખાતે | | | | 1890 |
| | [બા.જે. : ટ્રાન્સપૉર્ટ ખર્ચના વસેક સહિત ચૂકવ્યા.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 4 | આંગડિયા ખર્ચ ખાતે ઉ | | 3000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 75 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 75 | |
| | તે રોકડ ખાતે | | | 3150 |
| | [બા.જે. : આંગડિયા ખર્ચના વસેક સહિત ચૂકવ્યા.] | | | |
| 8 | વીમા-પ્રીમિયમ ખાતે ઉ | | 4000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 100 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 100 | |
| | તે બૅન્ક ખાતે | | | 4200 |
| | [બા.જે. : વીમા-પ્રીમિયમના વસેક સહિત ચૂકવ્યા.] | | | |
| 10 | જાહેરાત ખર્ચ ખાતે ઉ | | 6000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 150 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 150 | |
| | તે બૅન્ક ખાતે | | | 6300 |
| | [બા.જે. : જાહેરાત ખર્ચના વસેક સહિત ચૂકવ્યા.] | | | |
| 18 | બૅન્ક ખાતે ઉ | | 5250 | |
| | તે મળેલ ભાડા ખાતે | | | 5000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | 125 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | 125 |
| | [બા.જે. : મળેલ ભાડાની રકમ વસેક સહિત નોંધ કરી તેના.] | | | |
| 20 | આવકમાલ ગાડાભાડા ખાતે ઉ | | 8000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ | | 400 | |
| | તે બૅન્ક ખાતે | | | 8400 |
| | [બા.જે. : આવકમાલ ગાડાભાડું વસેક સહિત ચૂકવ્યું.] | | | |
| | **કુલ સરવાળો** | | **29,190** | **29,190** |

### (3) વસેક (GST) સાથેના મિલકત અંગેના વ્યવહારો :

**ઉદા.15 :** નીચેના વ્યવહારો પરથી વડોદરાના શ્રી વિપુલ પટેલના ચોપડે આમનોંધ લખો :

શ્રી વિપુલ પટેલના ધંધાના વ્યવહારોને કેન્દ્રીય વસેક (CGST) 9 %, રાજ્ય વસેક (SGST) 9 % તેમજ સંકલિત વસેક (IGST) 18 % ના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

2019

જાન્યુ. (1) સુરતના સુરતી ફર્નિચર માર્ટમાંથી ₹ 20,000નું ફર્નિચર ચેકથી ખરીદ્યું.

(2) જામનગરના 'જેમ્સ કમ્પ્યૂટર'માંથી ₹ 30,000નું કમ્પ્યૂટર ખરીદ્યું.

(3) દિલ્હીના રાજ મશીનરી સ્ટોર્સમાંથી ₹ 1,00,000નું યંત્ર ચેકથી ખરીદ્યું.

(4) અમદાવાદના સહજાનંદ એન્ટરપ્રાઇઝમાંથી ₹ 3,00,000નાં એરકન્ડીશનર્સ ધંધા માટે ચેકથી ખરીદ્યાં.

### વડોદરાના શ્રી વિપુલ પટેલના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2019 | | | | | |
| જાન્યુ. 1 | ફર્નિચર ખાતે | ઉ | | 20,000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 1800 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 1800 | |
| | તે બૅન્ક ખાતે | | | | 23,600 |
| | [બા.જે. : ફર્નિચર ચેકથી ખરીદ્યું, વસેક સાથે તેની નોંધ કરી તેના.] | | | | |
| 2 | કમ્પ્યૂટર ખાતે | ઉ | | 30,000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 2700 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 2700 | |
| | તે જેમ્સ કમ્પ્યૂટર ખાતે | | | | 35,400 |
| | [બા.જે. : કમ્પ્યૂટરની ઉધાર ખરીદી કરી, વસેક સાથે તેની નોંધ કરી તેના.] | | | | |
| 3 | યંત્ર ખાતે | ઉ | | 1,00,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 18,000 | |
| | તે બૅન્ક ખાતે | | | | 1,18,000 |
| | [બા.જે. : દિલ્હીથી યંત્ર રોકડેથી ખરીદ્યું, વસેક સાથે તેની નોંધ કરી તેના.] | | | | |
| 4 | એરકન્ડીશનર્સ ખાતે | ઉ | | 3,00,000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 27,000 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 27,000 | |
| | તે બૅન્ક ખાતે | | | | 3,54,000 |
| | [બા.જે. : ધંધા માટે એરકન્ડીશનર્સ ચેક આપી ખરીદ્યાં, વસેક સાથે તેની નોંધ કરી તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **5,31,000** | **5,31,000** |

### (4) વસેક (GST) સાથેના સંયુક્ત વ્યવહારો :

**ઉદા.16 :** નીચેના વ્યવહારો પરથી વાપીના શ્રી વિષ્ણુભાઈના ચોપડે આમનોંધ લખો :

શ્રી વિષ્ણુભાઈના ધંધાનાં વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| વસેકની વિગત | વસ્તુ પર | સેવા પર |
|---|---|---|
| કેન્દ્રીય વસેક : CGST | 6 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 6 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 12 % | 5.0 % |

2019

જૂન 1 જામનગરના જયેશભાઈ પાસેથી ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. નાણાં ચેકથી ચૂકવ્યા.

3 ભૂવનેશ્વર (ઓરિસ્સા)ના ભદ્રેશભાઈ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો.

5 ભોપાલ (મધ્યપ્રદેશ)ના ભૌમિકભાઈને ₹ 25,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

8 અમરેલીના અનિલભાઈને ₹ 40,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે શાખ પર વેચ્યો.

10 ભૂવનેશ્વર (ઓરિસ્સા)ના ભદ્રેશભાઈને $\frac{1}{3}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

15 અમરેલીના અનિલભાઈએ $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે આપી.

20 અમૃતસર (પંજાબ)ના રામ ઍન્ડ સન્સમાંથી ₹ 50,000નું યંત્ર ખરીદ્યું.

22 દુકાનભાડાના ₹ 10,000 ચેકથી મળ્યા.

25 મુંબઈ (મહારાષ્ટ્ર)ના વેપારી પાસેથી ₹ 20,000 નું કમિશન ચેકથી મળ્યું.

**વાપીના શ્રી વિષ્ણુભાઈના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2019 | | | | | |
| જૂન 1 | ખરીદ ખાતે | ઉ | | 18,000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 1080 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 1080 | |
| | તે બૅન્ક ખાતે | | | | 20,160 |
| | [બા.જે. : જામનગરથી વસેક સાથે રોકડેથી માલની ખરીદી કરી તેના.] | | | | |
| 3 | ખરીદ ખાતે | ઉ | | 27,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 3240 | |
| | તે ભદ્રેશભાઈ ખાતે | | | | 30,240 |
| | [બા.જે. : ભૂવનેશ્વરથી વસેક સાથે માલની ઉધાર ખરીદી કરી તેના.] | | | | |
| 5 | બૅન્ક ખાતે | ઉ | | 25,200 | |
| | તે વેચાણ ખાતે | | | | 22,500 |
| | તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | | 2700 |
| | [બા.જે. : ભોપાલના ગ્રાહકને વસેક સાથે માલનું રોકડેથી વેચાણ કર્યું તેના.] | | | | |
| 8 | અનિલભાઈ ખાતે | ઉ | | 40,320 | |
| | તે વેચાણ ખાતે | | | | 36,000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 2160 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 2160 |
| | [બા.જે. : અમરેલીના ગ્રાહકને વસેક સાથે ઉધાર વેચાણ કર્યું તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 10 | ભદ્રેશભાઈ ખાતે ઉ | | 10,080 | |
| | તે ખરીદ પરત ખાતે | | | 9000 |
| | તે આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | 1080 |
| | [બા.જે. : ભૂવનેશ્વરના વેપારીને માલ પરત કર્યો. પ્રમાણસર વસેકની રકમ મજરે મળી તેના.] | | | |
| 15 | વેચાણ પરત ખાતે ઉ | | 9000 | |
| | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 540 | |
| | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 540 | |
| | તે અનિલભાઈ ખાતે | | | 10,080 |
| | [બા.જે. : અમરેલીના ગ્રાહક પાસેથી વસેક સાથે માલ પરત મળ્યો તેના.] | | | |
| 20 | યંત્ર ખાતે ઉ | | 50,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ | | 6000 | |
| | તે રામ ઍન્ડ સન્સ ખાતે | | | 56,000 |
| | [બા.જે. : અમૃતસરથી યંત્ર ખરીદ્યું. વસેક સાથે તેની નોંધ કરી તેના.] | | | |
| 22 | બૅન્ક ખાતે ઉ | | 10,500 | |
| | તે મળેલ દુકાનભાડા ખાતે | | | 10,000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | 250 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | 250 |
| | [બા.જે. : મળેલ દુકાનભાડાની વસેક સાથે નોંધ કરી તેના.] | | | |
| 25 | બૅન્ક ખાતે ઉ | | 21,000 | |
| | તે મળેલ કમિશન ખાતે | | | 20,000 |
| | તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | 1000 |
| | [બા.જે. : મળેલ કમિશનની વસેક સાથે નોંધ કરી તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **2,23,580** | **2,23,580** |

**ઉદા.17 :** નીચેના વ્યવહારો પરથી અંકલેશ્વરના શ્રી અજિતભાઈ શાહના ચોપડે આમનોંધ લખો :

શ્રી અજિતભાઈના ધંધાનાં વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| વસેકની વિગત | વસ્તુ પર | સેવા પર |
|---|---|---|
| કેન્દ્રીય વસેક : CGST | 9 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 9 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 18 % | 5.0 % |

2019

જુલાઈ 1 આણંદના આશિષભાઈ પાસેથી ₹ 10,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

4 રાંચીના (ઝારખંડ) રણછોડભાઈ પાસેથી ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. રકમ ચેકથી ચૂકવી આપી.

7 પાલનપુરના પિયૂષભાઈને ₹ 15,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

10 ઈન્દોરના (મ.પ્ર.) ઈન્દ્રજિતને ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે શાખ પર વેચ્યો.

14 આણંદના આશિષભાઈને ₹ 2000નો માલ પરત કર્યો.

18 ઈન્દોરના ઈન્દ્રજિત પાસેથી ₹ 5000નો માલ પરત મળ્યો.

20 દિલ્હીના નોબલ ઈન્ફોટેકમાંથી ₹ 50,000નું કમ્પ્યૂટર ખરીદ્યું. નાણાં ચેકથી ચૂકવ્યા.

24 ટેલિફોન બિલના ₹ 5000 ચેકથી ચૂકવ્યા.

**અંકલેશ્વરના શ્રી અજિતભાઈના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2019 | | | | | |
| જુલાઈ 1 | ખરીદ ખાતે | ઉ | | 9000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 810 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 810 | |
| | તે આશિષભાઈ ખાતે | | | | 10,620 |
| | [બા.જે. : આણંદથી વસેક સાથે માલની ઉધાર ખરીદી કરી તેના.] | | | | |
| 4 | ખરીદ ખાતે | ઉ | | 18,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 3240 | |
| | તે બૅન્ક ખાતે | | | | 21,240 |
| | [બા.જે. : રાંચીથી વસેક સાથે માલની ચેકથી ખરીદી કરી તેના.] | | | | |
| 7 | બૅન્ક ખાતે | ઉ | | 15,930 | |
| | તે વેચાણ ખાતે | | | | 13,500 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 1215 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 1215 |
| | [બા.જે. : પાલનપુરના ગ્રાહકને વસેક સાથે રોકડેથી માલનું વેચાણ કર્યું.] | | | | |
| 10 | ઈન્દ્રજિત ખાતે | ઉ | | 21,240 | |
| | તે વેચાણ ખાતે | | | | 18,000 |
| | તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | | 3240 |
| | [બા.જે. : ઈન્દોરના ગ્રાહકને વસેક સાથે માલનું ઉધાર વેચાણ કર્યું તેના.] | | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 14 | આશિષભાઈ ખાતે | ઉ | | 2360 | |
| | તે ખરીદ પરત ખાતે | | | | 2000 |
| | તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 180 |
| | તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 180 |
| | [બા.જે. : આશિષભાઈને વસેક સાથે માલ પરત કર્યો તેના.] | | | | |
| 18 | વેચાણ પરત ખાતે | ઉ | | 5000 | |
| | જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 900 | |
| | તે ઈન્દ્રજિત ખાતે | | | | 5900 |
| | [બા.જે. : વેચેલો માલ પરત મળ્યો. વસેક સાથે નોંધ કરી તેના.] | | | | |
| 20 | કમ્પ્યૂટર ખાતે | ઉ | | 50,000 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | ઉ | | 9000 | |
| | તે બૅન્ક ખાતે | | | | 59,000 |
| | [બા.જે. : ધંધા માટે કમ્પ્યૂટર ખરીદ્યું. વસેક સાથે નોંધ કરી તેના.] | | | | |
| 24 | ટેલિફોન બિલ ખાતે | ઉ | | 5000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 125 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 125 | |
| | તે બૅન્ક ખાતે | | | | 5250 |
| | [બા.જે. : ટેલિફોન બિલની વસેક સાથે નોંધ કરી તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **1,41,540** | **1,41,540** |

**(5) વસેક (GST)ની હિસાબી પતાવટ અંગેના વ્યવહારો :**

(**નોંધ :** વસેકની હિસાબી પતાવટ અંગેના ઉદાહરણ નં. 18 અને 19 વિદ્યાર્થીઓની જાણકારી માટે છે. જે પરીક્ષા માટે અપેક્ષિત નથી.)

**(I) જો આવકપૂર્તિ વસેકની રકમ જાવકપૂર્તિ વસેકની રકમ કરતાં ઓછી હોય**

**(જો ખરીદી અંગેની વસેકની રકમ વેચાણ અંગેની વસેકની રકમ કરતાં ઓછી હોય.)**

**ઉદા.18 :** અમદાવાદના અવિનાશે રાજકોટના રાજેશ પાસેથી ₹ 2,00,000 નો માલ ચેકથી ખરીદ્યો. આ બધો જ માલ તેમણે ભાવનગરના ભાવેશને ₹ 2,40,000 માં ચેકથી વેચ્યો.

આ વ્યવહારો અંગે કુલ 12 % વસેક દર લાગુ પડે છે. જેમાં કેન્દ્રીય વસેક 6 % અને રાજ્ય વસેક 6 % છે.

ઉપરોક્ત વ્યવહારો અંગે અવિનાશના ચોપડે વસેકની હિસાબી પતાવટ સુધીની આમનોંધ લખો :

**અવિનાશના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | ખરીદ ખાતે ઉ | | 2,00,000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 12,000 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 12,000 | |
| | તે બૅન્ક ખાતે | | | 2,24,000 |
| | [બા.જે. : વસેક સાથે માલની ખરીદી કરી તેના.] | | | |
| 2 | બૅન્ક ખાતે ઉ | | 2,68,800 | |
| | તે વેચાણ ખાતે | | | 2,40,000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | 14,400 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | 14,400 |
| | [બા.જે. : વસેક સાથે માલનું વેચાણ કર્યું તેના.] | | | |
| 3 | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 14,400 | |
| | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 14,400 | |
| | તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | 12,000 |
| | તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | 12,000 |
| | તે બૅન્ક ખાતે | | | 4,800 |
| | [બા.જે. : વસેકની હિસાબી પતાવટ કરી ચૂકવણી કરી તેનાં.] | | | |
| | **કુલ સરવાળો** | | **5,21,600** | **5,21,600** |

**(II) જો આવકપૂર્તિ વસેકની રકમ જાવકપૂર્તિ વસેકની રકમ કરતાં વધુ હોય**

**(જો ખરીદી અંગેની વસેકની રકમ વેચાણ અંગેની વસેકની રકમ કરતાં વધુ હોય.)**

**ઉદા.19 :** અમદાવાદના અવિનાશે રાજકોટના રાજેશ પાસેથી ₹ 2,00,000 નો માલ ચેકથી ખરીદ્યો. આ માલમાંથી ₹ 1,30,000 નો માલ ₹ 1,60,000 માં ભાવનગરના ભાવેશને ચેકથી વેચ્યો.

આ વ્યવહારો અંગે કુલ 12 % વસેક દર લાગુ પડે છે. જેમાં કેન્દ્રીય વસેક 6 % અને રાજ્ય વસેક 6 % છે.

ઉપરોક્ત વ્યવહારો અંગે અવિનાશના ચોપડે વસેકની હિસાબી પતાવટ સુધીની આમનોંધ લખો :

**અવિનાશના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | ખરીદ ખાતે ઉ | | 2,00,000 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 12,000 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 12,000 | |
| | તે બૅન્ક ખાતે | | | 2,24,000 |
| | [બા.જે. : વસેક સાથે માલની ખરીદી કરી તેના.] | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2 | બૅન્ક ખાતે | ઉ | | 1,79,200 | |
| | તે વેચાણ ખાતે | | | | 1,60,000 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 9600 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 9600 |
| | [બા.જે. : વસેક સાથે માલનું વેચાણ કર્યું તેના.] | | | | |
| 3 | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 9600 | |
| | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 9600 | |
| | તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 9600 |
| | તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 9600 |
| | [બા.જે. : વસેકની હિસાબી પતાવટ કરી તેનાં.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **4,22,400** | **4,22,400** |

**નોંધ :** આ પ્રશ્નમાં ખરીદી વખતે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 12,000 અને આવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 12,000 (કુલ ₹ 24,000) ચૂકવવામાં આવ્યા છે. વેચાણ વખતે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 9600 અને જાવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 9600 (કુલ ₹ 19,200) જમા લીધેલ છે. તેથી ₹ 4800 (₹ 2400 આવકપૂર્તિ કેન્દ્રીય વસેક + ₹ 2400 આવકપૂર્તિ રાજ્ય વસેક) સરકારના ચોપડે વેપારીના ખાતે જમા દર્શાવશે. ભવિષ્યના વેચાણ વખતે આ રકમ મજરે લઈ શકાશે.

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) આમનોંધ એ હિસાબી વ્યવહારોનો .......... છે

(અ) મૂળભૂત ચોપડો (બ) મુખ્ય ચોપડો

(ક) આખરી ચોપડો (ડ) અન્ય ચોપડો

(2) બૅન્કમાંથી અંગત ખર્ચ માટે ઉપાડેલ રકમ .......... ખાતે ઉધાર થાય છે.

(અ) બૅન્ક (બ) રોકડ

(ક) ઉપાડ (ડ) વ્યક્તિ

(3) મિલકત ખરીદતાં થયેલ ખર્ચ .......... ખાતે ઉધાર થાય છે.

(અ) ખર્ચ (બ) મિલકત

(ક) રોકડ (ડ) પરચૂરણ

(4) આમનોંધનાં ઉધાર-જમા બંને બાજુના સરવાળા .......... થાય છે.

(અ) અસમાન (બ) સમાન

(ક) ઉધાર (ડ) જમા

(5) નમૂના તરીકે માલ જાય તો .......... ખાતે ઉધારાય છે.

(અ) જાહેરાત ખર્ચ (બ) નમૂનાથી ગયેલ માલ

(ક) ખરીદ (ડ) વેચાણ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) આમનોંધ એટલે શું ?

(2) વટાવના પ્રકાર જણાવો.

(3) સંયુક્ત આમનોંધ ક્યારે લખવામાં આવે છે ?

(4) ખરીદેલ માલ વેપારીને પરત કરવામાં આવે તો કયા ખાતે જમા થાય છે ?

(5) અન્ય રીતે માલની જાવકનાં ત્રણ ઉદાહરણ આપો.

(6) ધંધામાં બૅન્ક સાથે થતી નાણાકીય લેવડ-દેવડના મુખ્ય પ્રકાર જણાવો.

(7) ભૂતકાળમાં નાદાર જાહેર થયેલ દેવાદારની ઘાલખાધની પરત રકમ કોના ખાતે જમા થાય છે ?

**3. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) એકાકી પેઢીનો આવકવેરો ધંધાનો ખર્ચ હોવાથી આવકવેરા ખાતે ઉધાર થાય છે.

(2) ગ્રાહક પાસેથી મળેલ ચેક બૅન્ક ખાતે ઉધારાય છે.

(3) ઘરભાડું અને દુકાનભાડું બંને ધંધાના ખર્ચ છે.

**4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) આમનોંધનાં લક્ષણો જણાવો.

(2) રોકડવટાવ અને વેપારીવટાવ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

(3) આમનોંધને નામાનો પ્રથમ ચોપડો શા માટે કહે છે ?

(4) આમનોંધનું મહત્ત્વ લખો.

(5) કોઈ પણ બે કાલ્પનિક વ્યવહારો લઈ આમનોંધ લખો.

**5. નીચેના વ્યવહારો પરથી પ્રાંજલના ચોપડે આમનોંધ લખો :**

(1) ₹ 10,000 રોકડ લાવી ધંધો શરૂ કર્યો.

(2) ₹ 5000નો માલ રોકડેથી ખરીદ્યો.

(3) ₹ 8000નો માલ રાજન પાસેથી શાખ પર ખરીદ્યો.

(4) ₹ 2000નો માલ ધર્માદામાં આપ્યો.

(5) શિવાનીને ₹ 3000નો માલ મોકલવાનો ઑર્ડર આપ્યો.

(6) શિવાનીએ ઑર્ડર મુજબનો માલ મોકલી આપ્યો.

(7) ₹ 2500 જીવન વીમા પ્રીમિયમના ભર્યા.

**6. મૂડી અને ઉપાડના વ્યવહારો : નીચેના વ્યવહારોની નોંધ શુભમ્‌ની આમનોંધમાં લખો :**

2014

જાન્યુ. 1 ₹ 10,000નો માલ સ્ટૉક, ₹ 15,000 રોકડા, ₹ 5000નું ફર્નિચર અને ₹ 10,000 દેવાદારો લાવી ધંધો શરૂ કર્યો.

12 અંગત મોટરકાર ₹ 80,000માં વેચી ₹ 50,000 રોકડા ધંધામાં લાવ્યા.

13 ઘરખર્ચ માટે ₹ 1000 રોકડા બૅન્કમાંથી ઉપાડ્યા.

15 એકાકી પેઢીના માલિકનું આવકવેરા રિફંડ ₹ 500 ધંધાના બૅન્કખાતામાં ભર્યું.

20 ધંધામાંથી અંગત વપરાશ માટે ₹ 1000નો માલ તથા ₹ 400 રોકડા લઈ ગયા.

21 પુત્રીની પ્રવાસ ફીનાં ₹ 1500 ધંધામાંથી ચૂકવ્યા.

28 ગંગા ફર્નિચર માર્ટમાંથી ₹ 2000નું ફર્નિચર ઘર માટે ખરીદ્યું.

31 જિંદગીનું વીમા પ્રીમિયમ ₹ 500 ચેકથી ભર્યું.

**7. લોન અને વ્યાજના વ્યવહારો :**

**નીચેના વ્યવહારો પુષ્કરની આમનોંધમાં લખો :**

2014

ફેબ્રુઆરી 1 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી રામ પાસેથી ₹ 20,000ની 12 ટકાની લોન લીધી.

3 લક્ષ્મણને ₹ 5000 ઉછીના 8 % વ્યાજે આપ્યા.

8 ભરતને આપેલી લોનના ₹ 800 અને વ્યાજના ₹ 200 રોકડા મળ્યા.

10 સીતા પાસેથી લીધેલી લોન પૈકી ₹ 5000 પરત કર્યા તથા ₹ 400 વ્યાજ ચૂકવ્યું.

12 કૌશલને ધીરેલી લોન પર ₹ 200 વ્યાજ મળ્યું.

15 રામ પાસેથી લીધેલી લોન પર એક માસનું વ્યાજ ચૂકવ્યું.

18 લક્ષ્મણની લોન પર વ્યાજના ₹ 75 લેણાં થયા.

**8. બૅન્કના વ્યવહારો :**

**નીચેના વ્યવહારોની ક્રિશ્નાની આમનોંધ લખો :**

2014

માર્ચ 1 ₹ 20,000 બૅન્કમાં ભરી ખાતું ખોલાવ્યું.

5 શ્રી હરિ પાસેથી ₹ 5000નો ચેક મળ્યો જે તરત જ બૅન્કમાં ભર્યો.

6 રમણલાલ પાસેથી ઉઘરાણી પેટે ₹ 2000નો ચેક મળ્યો.

10 રૂપાલીને વેચેલ માલ ₹ 14,000 જે પૈકી અડધી રકમનો ચેક મળ્યો જે બૅન્કમાં ભર્યો.

12 દીપકલામાંથી ₹ 10,000નો માલ ખરીદી અડધી રકમ ચેકથી ચૂકવી.

15 ઘરખર્ચ માટે ₹ 400 અને ઑફિસ ખર્ચ માટે ₹ 800 બૅન્કમાંથી ચેકથી ઉપાડ્યા.

18 જીવન વીમા પ્રીમિયમ ₹ 300 તથા આગના વીમાનું પ્રીમિયમ ₹ 450 ચેકથી ચૂકવ્યું.

20 બૅન્કે ₹ 25,000નો ઓવરડ્રાફ્ટ મંજૂર કર્યો.

25 બૅન્કે વ્યાજ ₹ 250 જમા કર્યું છે તથા બૅન્ક ચાર્જિસના ₹ 100 ઉધારેલ છે.

31 માલિકના પુત્રના વિદેશ પ્રવાસ માટે ₹ 5000નો ચેક ધંધામાંથી આપ્યો.

**9. માલના વ્યવહારો :**

**નીચેના વ્યવહારોની 'રમેશ'ના ચોપડે આમનોંધ લખો :**

2014

એપ્રિલ 1 રોકડ ખરીદી ₹ 15000 અને રોકડ વેચાણ ₹ 14000

5 ₹ 10000નો અંગત માલ સ્ટૉક ધંધામાં લાવ્યા.

7 ₹ 12,000નો માલ હર્ષ પાસેથી ખરીદ્યો.

10 હર્ષ પાસેથી ખરીદેલ માલ પૈકી અડધા ભાગનો માલ ખામીવાળો હોઈ પરત કર્યો.

12 રમીલા પાસેથી ₹ 10,000નો માલ ખરીદ્યો તેના અડધા નાણાં ચેકથી ચૂકવ્યા.

15 રમીલા પાસેથી ખરીદેલ માલ 30 % નફો ચઢાવી 10 % વેપારીવટાવે મિતાને વેચ્યો.

18 મિતાએ ₹ 1000નો માલ પરત કર્યો.

20 કલ્પનાને ₹ 20,000નો માલ 10 % વેપારીવટાવ અને 5 % રોકડવટાવે વેચ્યો.

22 આગમાં ₹ 2000નો માલ બળી ગયો, જેનો વીમા કંપનીએ ₹ 1000નો દાવો મંજૂર કર્યો.

25 ₹ 500નો માલ વરસાદમાં પલળી ગયો જે વેચતાં ₹ 200 ઊપજ્યા.

27 ₹ 300નો માલ મફત નમૂના તરીકે મળ્યો.

29 ₹ 250નો મફત નમૂના તરીકે મળેલ માલ ₹ 400માં વેચ્યો.

30 ₹ 1000ની મૂળકિંમતના માલના બદલામાં ₹ 1500નો મોબાઈલ ખરીદ્યો.

**10. મિલકતને લગતા વ્યવહારો :**

**શ્રી લક્ષ્મણ ચંડેરાના ચોપડામાં નીચેના વ્યવહારોની આમનોંધ લખો :**

(1) ₹ 20,000નું યંત્ર ચેકથી ખરીદ્યું તથા યંત્ર ગોઠવણી ખર્ચના ₹ 500 રોકડા ચૂકવ્યા.

(2) ₹ 3000નું ફર્નિચર કાવેરી ફર્નિચર માર્ટમાંથી ખરીદ્યું તથા લારીભાડાના ₹ 50 રોકડા ચૂકવ્યા.

(3) મહાલક્ષ્મી મિલના 50 શૅર, શૅરદીઠ ₹ 100ના ભાવે ખરીદી અને શૅરદીઠ 20 પૈસા દલાલી સહિત નાણાં ચેકથી ચૂકવ્યા.

(4) ₹ 5000ના ફર્નિચરના બદલામાં ₹ 4000નો માલ આપ્યો.

(5) ₹ 6000નું જૂનું યંત્ર ₹ 5000માં વેચ્યું.

(6) ₹ 50,000માં જમીન ખરીદી અને ₹ 2000 દસ્તાવેજ તથા કાનૂની ખર્ચનાં થયા. નાણાં રોકડા ચૂકવ્યા.

**11. ઊપજ-ખર્ચના વ્યવહારો :**

**નીચે આપેલા મે 2014ના વ્યવહારો શશાંકના ચોપડે આમનોંધમાં નોંધો :**

તારીખ

1 દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ચા-પાણી અને નાસ્તા ખર્ચના ₹ 500 ચૂકવ્યા.

2 દુકાન માટે જરૂરી હિસાબી ચોપડા ₹ 400ના ખરીદ્યા.

3 મજૂરીના ₹ 200 અને લારીભાડાનાં ₹ 100 રોકડા ચૂકવ્યા.

5 દુકાન ભાડાનાં ₹ 500 અને ઘરભાડાનાં ₹ 300 ચૂકવ્યા.

10 કમિશનના ₹ 400 મળ્યા.

12 દલાલીના ₹ 800નો ચેક મળ્યો.

15 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ ₹ 300 ચૂકવ્યું.

20 ઇક્વિટી શૅર ડિવિડન્ડ ₹ 500 મળ્યું.

24 એસ્સાર કંપનીએ ડિબેન્ચરનું ₹ 1000 વ્યાજ ચેકથી ચૂકવ્યું.

25 દુકાન માટે ₹ 3000ની કિંમતનું સાઈનબોર્ડ બનાવડાવ્યું.

**12. વેપારી વટાવ, રોકડ વટાવ અને ઘાલખાધના વ્યવહારો**

**નીચેના વ્યવહારો પરમેશ્વરના ચોપડે આમનોંધમાં લખો :**

2014

જૂન 1 ₹ 50,000 રોકડા, ₹ 10,000નો માલ સ્ટૉક તથા ₹ 15,000ના દેવાદારો લાવી ધંધો શરૂ કર્યો.

2 શ્રીમતી શારદા પાસેથી ₹ 20,000ની લોન 10 % વ્યાજે લીધી.

3 રામેશ્વર સ્ટોર્સમાંથી ₹ 8000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો.

5 ગાયત્રી સ્ટોર્સને ₹ 5000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

7 રાધા-કિશન સ્ટોર્સમાંથી ₹ 15,000નો માલ 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે ખરીદ્યો, અડધી રકમનો ચેક આપ્યો.

10 વિભૂતિ પાસેથી ₹ 5000નો માલ મોકલવાનો ઑર્ડર મળ્યો.

12 વિભૂતિના ઑર્ડર મુજબનો માલ 10 % વેપારી વટાવે મોકલ્યો. લારીભાડાના ₹ 50 રોકડા ચૂકવ્યા.

15 વિભૂતિ નાદાર જાહેર થતાં ₹ 300 ઘાલખાધ પડી, બાકીની રકમનો ચેક મળ્યો.

16 અનુપમના ₹ 1050ના બાકી લેણાં પેટે ₹ 1000નો ચેક આપી હિસાબ ચૂક્તે કર્યો.

20 ઇમાનદાર પાસેથી માંડીવાળેલ ઘાલખાધના ₹ 1500 રોકડા પરત મળ્યા.

**13. બધા જ પ્રકારના વ્યવહારો :**

**શ્રી મૌલિક શાહે શરૂ કરેલ શાહ ટ્રેડર્સના ધંધાના વ્યવહારો પરથી આમનોંધ લખો :**

2014

જુલાઈ 1 ₹ 50,000 રોકડા, ₹ 20,000ના દેવાદારો, ₹ 10,000નો માલ સ્ટૉક તથા ₹ 5000ના લેણદારો લાવી ધંધો શરૂ કર્યો.

2 વિજયા બૅન્કમાં ₹ 20,000 રોકડ ભરી ખાતું ખોલાવ્યું.

3 ₹ 20,000નો માલ સુમૂલ પાસેથી 10 % વેપારી વટાવ અને 10 % રોકડ વટાવે ખરીદ્યો. અડધાં નાણાં ચેકથી ચૂકવ્યા.

4 ₹ 15,000નું ફર્નિચર 'પુનિત ફર્નિચર માર્ટ'માંથી શાખ પર ખરીદ્યું. લારીભાડું ₹ 100 રોકડેથી ચૂકવ્યું.

5 ₹ 3000નો માલ નુકસાનીવાળો હોવાથી સુમૂલને પરત કર્યો.

6 રાજશ્રીને ₹ 12,000નો માલ 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે વેચ્યો. અડધી રકમનો ચેક મળ્યો.

8 મહેન્દ્રને ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે રોકડેથી વેચ્યો.

10 ઘર વપરાશ માટે ₹ 300નો માલ તથા ₹ 200 રોકડા લઈ ગયા.

11 માલના પેકિંગ માટે પ્લાસ્ટિકની બૅગ ખરીદી ₹ 200 ચૂકવ્યા.

12 પગાર-મજૂરીનાં ₹ 2000 ચેકથી ચૂકવ્યા.

13 રાજશ્રી પાસે બાકી લેણાં પૈકી ₹ 300 ઘાલખાધ પડી અને બાકીની રકમ મળી.

14 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી AXIS બૅન્કમાંથી ₹ 25,000ની 12 % વ્યાજની લોન લીધી.

15 આગમાં ₹ 2000નો માલ નાશ પામ્યો, જેનો વીમા કંપનીએ ₹ 1500નો દાવો મંજૂર કર્યો. આગથી બળી ગયેલ માલના ₹ 200 ઊપજ્યા.

16 પુત્રના જિંદગીના વીમા પ્રીમિયમ ₹ 450 અને આગના વીમાનું પ્રીમિયમ ₹ 550 બંને ચેકથી ચૂકવ્યા.

18 નિરમા કંપનીએ 30 નંગ સાબુની ગોટી નમૂના તરીકે મફત આપી, જે ₹ 250માં વેચી દીધી.

20 રાજશ્રી પાસેથી ઘાલખાધ પરતના ₹ 100 મળ્યા.

25 AXIS બૅન્કની લોન પર ₹ 250 વ્યાજ બૅન્કે વસૂલ કર્યું.

28 અંગત મકાન ધોળવાનો ખર્ચ ₹ 2000 તથા દુકાન ધોળવાનો ખર્ચ ₹ 1000 થયો.

29 ઇન્ટરનેટ જોડાણની ડિપૉઝિટ ₹ 2000 ચેકથી ભરી.

**14. એક શિખાઉ વિદ્યાર્થીએ નીચે મુજબ આમનોંધ લખી છે, જે આમનોંધ ખોટી હોય તે સુધારીને ફરીથી લખો :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 | | | | |
| ઑગસ્ટ 1 | વીમા પ્રીમિયમ ખાતે ઉ | | 700 | |
| | તે રોકડ ખાતે | | | 700 |
| | [બા.જે. : ₹ 700 જિંદગીના વીમા પ્રીમિયમના ચૂકવ્યા તેના.] | | | |
| 5 | રોકડ ખાતે ઉ | | 300 | |
| | તે જય ખાતે | | | 200 |
| | તે અજય ખાતે | | | 100 |
| | [બા.જે. : જય પાસેથી દલાલીના ₹ 200 તથા અજય પાસેથી કમિશનના ₹ 100 મળ્યા તેના.] | | | |
| 7 | ખરીદ ખાતે ઉ | | 4500 | |
| | તે વિવેક ખાતે | | | 4500 |
| | [બા.જે. : વિવેક પાસેથી ₹ 5000નો માલ 10 % રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો તેના.] | | | |
| 10 | બૅન્ક ખાતે ઉ | | 7000 | |
| | તે રોકડ ખાતે | | | 7000 |
| | [બા.જે. : બૅન્કે ₹ 7000નો ઓવરડ્રાફ્ટ મંજૂર કર્યો તેના.] | | | |
| 11 | વિવેક ખાતે ઉ | | 1000 | |
| | તે ખરીદમાલ-પરત ખાતે | | | 1000 |
| | [બા.જે. : વિવેકને 20 % માલ પરત કર્યો અને રકમ વિવેક પાસેથી મળી તેના.] | | | |
| 12 | રોકડ ખાતે ઉ | | 500 | |
| | તે દેવાદાર ખાતે | | | 500 |
| | [બા.જે. : દેવાદાર પાસેથી ભૂતકાળમાં માંડી વાળેલ રકમ ₹ 500 મળી તેના.] | | | |
| 13 | મરામત ખર્ચ ખાતે ઉ | | 1500 | |
| | તે રોકડ ખાતે | | | 1500 |
| | [બા.જે. : દુકાન મરામત ખર્ચ ₹ 500 તથા ઘરની મરામતના ₹ 1000 રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| 15 | મજૂરી ખાતે ઉ | | 800 | |
| | તે રોકડ ખાતે | | | 800 |
| | [બા.જે. : ₹ 800 યંત્ર ગોઠવણીના રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **16,300** | **16,300** |

**15. એક હિસાબનીશે નીચે મુજબ બા.જે. વગરની આમનોંધ લખી છે. તમારે નીચેની આમનોંધ પરથી વ્યવહારોની માહિતી આપવાની છે.**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1 | વીમા કંપની ખાતે | ઉ | | 2000 | |
| | અકસ્માતથી થયેલ માલના નુકસાન ખાતે | ઉ | | 400 | |
| | તે ખરીદ ખાતે | | | | 2400 |
| 2 | બૅન્ક ખાતે | ઉ | | 500 | |
| | તે વ્યાજ ખાતે | | | | 500 |
| 3 | રોકડ ખાતે | ઉ | | 1600 | |
| | તે સાઈકલ ખાતે | | | | 1600 |
| 4 | બૅન્ક ખાતે | ઉ | | 700 | |
| | તે ડિવિડન્ડ ખાતે | | | | 700 |
| 5 | રોકડ ખાતે | ઉ | | 7200 | |
| | વટાવ ખાતે | ઉ | | 800 | |
| | તે વેચાણ ખાતે | | | | 8000 |
| 6 | ધર્માદા ખાતે | ઉ | | 2500 | |
| | તે રોકડ ખાતે | | | | 1000 |
| | તે ખરીદ ખાતે | | | | 1500 |
| | **કુલ સરવાળો** | | | **15,700** | **15,700** |

**16. નીચેના વ્યવહારો પરથી દાહોદના શ્રી દિનેશભાઈના ચોપડે આમનોંધ લખો :**

શ્રી દિનેશભાઈના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| વસેકની વિગત | વસ્તુ પર | સેવા પર |
|---|---|---|
| કેન્દ્રીય વસેક : CGST | 6 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 6 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 12 % | 5.0 % |

2019

એપ્રિલ 1 સુરેન્દ્રનગરના સુરેશભાઈ પાસેથી ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. રકમ ચેકથી ચૂકવી.

4 વારાણસીના (ઉ.પ્ર.) વિષ્ણુભાઈ પાસેથી ₹ 40,000નો માલ 10 % રોકડ વટાવે ખરીદ્યો.

7 હિંમતનગરના હિમાંશુભાઈને ₹ 60,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો.

11 સિમલાના (હિ.પ્ર.) શશીકાન્તભાઈને ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે ચેકથી વેચ્યો.

15 વિષ્ણુભાઈને $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

18 હિમાંશુભાઈએ $\frac{1}{3}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે આપી.

25 અમદાવાદના સહજાનંદ ફર્નિચર માર્ટમાંથી ₹ 20,000નું એક કબાટ ઑફિસ માટે ખરીદ્યું.

28 દુકાનભાડાના ₹ 8000 ચૂકવ્યા.

**17. નીચેના વ્યવહારો પરથી કેશોદના કિયાંશ પટેલના ચોપડે આમનોંધ લખો :**

શ્રી કિયાંશ પટેલના ધંધાના વ્યવહારોને વસેક નીચેના દરે લાગુ પડે છે. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને આમનોંધ લખો.

| **વસેકની વિગત** | **વસ્તુ પર** | **સેવા પર** |
|---|---|---|
| કેન્દ્રીય વસેક : CGST | 9 % | 2.5 % |
| રાજ્ય વસેક : SGST | 9 % | 2.5 % |
| સંકલિત વસેક : IGST | 18 % | 5.0 % |

2019

મે 1 સુરતના સાવન પટેલ પાસેથી ₹ 40,000નો માલ 10 % વેપારી વટાવે અને 10 % રોકડ વટાવે ખરીદ્યો.

3 અમરાવતી (મહારાષ્ટ્ર)ના આયુષ શાહ પાસેથી ₹ 30,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. નાણાં ચેકથી ચૂકવ્યા.

5 અમદાવાદના અંશ અવસ્થીને ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે વેચ્યો. અડધી રકમ ચેકથી મળી.

8 નાગપુર (મહારાષ્ટ્ર)ના નીલ મહેતાને ₹ 20,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે વેચ્યો.

11 સુરતના સાવન પટેલને $\frac{1}{4}$ ભાગનો માલ પરત કર્યો. વસેકની પ્રમાણસર રકમ મજરે મળી.

16 નાગપુરના નીલ મહેતા પાસેથી $\frac{1}{5}$ ભાગનો માલ પરત મળ્યો. વસેક સાથેની પ્રમાણસર રકમ મજરે આપી.

24 ઑફિસ માટે ₹ 40,000નું કમ્પ્યૂટર શુભ ઈન્ફોટેકમાંથી ખરીદ્યું. નાણાં ચેકથી ચૂકવી આપ્યા.

30 ઑફિસભાડાના ₹ 10,000 ચેકથી ચૂકવ્યા.

31 ગોડાઉન ભાડાનાં ₹ 20,000 ચેકથી મળ્યા.

31 ભોપાલ (મધ્યપ્રદેશ)નાં વેપારી પાસેથી કમિશનનાં ₹ 25,000 ચેકથી મળ્યા.

◆